# ૧૦મો

# વાર્ષિક અહેવાલ
# ૨૦૧૨-૧૩

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની સંપૂર્ણ માલિકીની ગૌણ કંપની

# એક નજરે....
# ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

(ડિસેમ્બર -૨૦૧૩)

| | |
|---|---|
| કુલ વિસ્તાર (ચો.કિ.મી.) | ૪૯,૯૫૦ |
| આવરી લેવાયેલ જીલ્લાઓ | ૬ + ૩ (અંશતઃ) |
| શહેરોની સંખ્યા | ૪૮ |
| ગામડાંઓની સંખ્યા | ૪,૬૨૮ |
| ગ્રાહકો | ૨૯,૩૪,૧૦૮ |
| વર્તુળ કચેરીઓ | ૪ |
| વિભાગીય કચેરીઓ | ૨૧ |
| કુલ પટે-વિભાગીય કચેરીઓ | ૧૨૪ +૫ (REC) |
| સબ-સ્ટેશનો | ૩૫૪ |
| ટ્રાન્સફોર્મર કેન્દ્રો | ૧,૬૩,૦૩૭ |
| ફિડરો | ૩,૭૯૬ |
| HT લાઈન (કિ.મી.) | ૮૧,૯૪૨ |
| LT લાઈન (કિ.મી.) | ૬૮,૭૬૦ |
| LT/HT ગુણોત્તર | ૦.૮૪ |
| કર્મચારીઓની સંખ્યા | ૭,૩૭૮ |



# દસમો

# વાર્ષિક અહેવાલ

# ૨૦૧૨-૧૩

UGVCL

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજીસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી
વિસનગર રોડ,
મહેસાણા- ૩૮૪ ૦૦૧
(ઉત્તર ગુજરાત)

# દસમો
# વાર્ષિક અહેવાલ
# ૨૦૧૨-૧૩

## અનુક્રમણિકા

નિયામક મંડળ ........ ૪

નોટિસ ........ ૫

નિયામકોનો અહેવાલ ........ ૭

ઓડિટરનો અહેવાલ ........ ૧૬

પાકું સરવૈયું ........ ૨૬

નફા-નુકસાન ખાતું ........ ૨૭

રોકડ પ્રવાહ પત્રક ........ ૨૮

હિસાબી નોંધો ........ ૨૯

## સિદ્ધિઓનાં સથવારે

- ગ્રીનેસ્ટ ડીસ્કોમ કેટેગરીમાં IPPAI પાવર એવોર્ડ -૨૦૧૩ (રનર્સ અપ) મેળનાર કંપની.
- ગ્રામ્ય વીજ વિતરણ ક્ષેત્રે સર્વાંગી ઉપયોગી કામગીરી માટે ''ઈન્ડિયા પાવર એવોર્ડ-૨૦૧૨'' મેળવનાર કંપની.
- વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે પાવર લાઈન એવોર્ડ - ૨૦૧૨ (રનર અપ) મેળવનાર કંપની.
- વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે ભારત સરકારના ઊર્જા મંત્રાલય તરફથી વર્ષ ૨૦૧૦-૧૧ માટે **ગોલ્ડશીલ્ડ** મેળવનાર કંપની.
- એનર્જી એફીસીયન્સી, કન્ઝર્વેશન અને ડીમાન્ડ સાઈડ મેનેજમેન્ટ માટે ''ઈન્ડિયા પાવર એવોર્ડ-૨૦૧૦'' મેળવનાર કંપની.
- ''ગુડ પર્ફોરમન્સ એવોર્ડ'' જાહેર ક્ષેત્રની કેટેગરીમાં ''એક્સલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ-૨૦૦૯'' માટે ICWAI તરફથી મેળવનાર કંપની.
- ખેતીક્ષેત્ર સર્વાંગી ઉપયોગી કામગીરી માટે ''ઈન્ડિયા પાવર એવોર્ડ-૨૦૦૯'' મેળવનાર કંપની.
- ગ્રામ્ય વીજળીકરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ IEEMA ''પાવર એવોર્ડ-૨૦૦૮''મેળવનાર કંપની.
- ₹ ૧,૦૦૦ કરોડથી વધુ ટર્ન ઓવર ધરાવતી સર્વિસ પ્રોવાઈડર કંપનીઓની કેટેગરીમાં ICWAI તરફથી નેશનલ એવોર્ડ ફોર 'એક્સલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ-૨૦૦૭' મેળનાર કંપની.
- વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે ભારત સરકારના ઊર્જા મંત્રાલય તરફથી વર્ષ ૨૦૦૫-૦૬ માટે **''બ્રોન્ઝ શીલ્ડ''** મેળવનાર કંપની.

## સિદ્ધિઓ/પ્રશસ્તિ

- ભારત સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૩ માટે $A^+$ રેટીંગ મેવવનાર કંપની.
- પાઈલોટ એડવાન્સ ટ્રાન્સફોર્મર (PAT) ની સંશોધક કંપની.
- કાર્યદક્ષતાનાં ઉંચા માપદંડો પ્રસ્થાપિત કરી આઈએસઓ ૯૦૦૧ : ૨૦૦૮ પ્રમાણિત કંપની.
- નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર ટેસ્ટિંગ એન્ડ કેલીબ્રેશન ઓફ લેબોરેટરીઝ (NABL) દ્વારા અધિકૃત મીટર ચકાસણી અંગેનું પ્રમાણપત્ર મેળવનાર કંપની.
- જ્યોતિગ્રામ યોજનાનાં અમલીકરણ દ્વારા સમગ્ર રાષ્ટ્રને રાહ ચિંધનાર જાહેરક્ષેત્રની પ્રથમ કંપની.

**નિયામક મંડળ**

| | |
|---|---|
| શ્રી વરુણ નાથ માયરા, આઈએએસ (નિવૃત્ત) | અધ્યક્ષ |
| શ્રીમતી શાહમીના હુસેન, આઈએએસ | નિયામક |
| શ્રી એચ. પી. દેસાઈ | નિયામક |
| શ્રી કે. પી. પટેલ | નિયામક |
| પ્રો. અજય પાંડે | નિયામક |
| પ્રો. (ડૉ.) બી. એ. પ્રજાપતિ | નિયામક |
| શ્રી કે. એમ. શ્રીંગારપુરે | નિયામક |
| શ્રી ચંદ્રવદન જે. મેકવાન | નિયામક |
| શ્રી કે. પી. જાંગીડ | નિયામક (તા.૨૪, ડિસેમ્બર-૨૦૧૩ થી) |
| શ્રી નિત્યાનંદ શ્રીવાસ્તવ, આઈએફએસ | વહીવટી નિયામક |

**કંપની સચિવ**

શ્રી નીતિનકુમાર એમ. જોષી, એફસીએસ

**વરિષ્ઠ અધિકારીઓ**

| | |
|---|---|
| શ્રીમતી સી. આર. દેસાઈ | મુખ્ય ઈજનેર (ઓપરેશન) |
| શ્રી આર. બી. કોઠારી | મુખ્ય પ્રબંધક (નાણાં) |
| શ્રી એસ. આર. પટેલ | મુખ્ય ઈજનેર (પી એન્ડ પી) |
| શ્રી એમ. જી. ભાવસાર | વિશેષ મુખ્ય ઈજનેર (પી એન્ડ પી) |
| શ્રી એમ. કે. રાઠોડ | વિશેષ મુખ્ય ઈજનેર (તાંત્રિક) |
| શ્રી પી. જે. ત્રિવેદી | વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) |

**ઓડિટર્સ**

| **નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માટે** | **નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માટે** |
|---|---|
| મે. એસ. સી. અજમેરા એન્ડ કું. | મે. કોચર એન્ડ એસોસીએટ્સ |
| ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ | ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ |
| ઉદેપુર | અમદાવાદ |

**બેંકર્સ**

| | |
|---|---|
| સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા | બેંક ઓફ બરોડા |
| દેના બેંક | યુનિયન બેંક ઓફ ઈન્ડિયા |

**રજીસ્ટર્ડ કાર્યાલય**

વિસનગર રોડ, મહેસાણા - ૩૮૪૦૦૧. ઉત્તર ગુજરાત
ફોનઃ (૦૨૭૬૨) - ૨૨૨૦૮૦-૮૧; ફેક્સ : ૨૨૩૫૭૪
ઈમેઈલ : corporate@ugvcl.com વેબસાઈટઃ www.ugvcl.com

## નોટિસ

આથી સૂચના જારી કરવામાં આવે છે કે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના સભાસદશ્રીઓની દસમી (એડજનર્ડ) વાર્ષિક સાધારણ સભા સોમવાર, તા. ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૪ ના સાંજે ૬.૦૦ કલાકે કંપનીની વિસનગર રોડ, મહેસાણા- ૩૮૪૦૦૧ સ્થિત રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ ખાતે નીચે દર્શાવેલ કામકાજ અંગે મળશે.

**સામાન્ય કામકાજઃ**

૧. તા. ૩૧મી માર્ચ ૨૦૧૩ ના રોજનું ઓડિટ કરેલ સરવૈયું અને તે તારીખે પૂરા થતા વર્ષ માટેનું નફા-નુકસાન ખાતું તેમજ તે સાથેની નોંધો સહિત કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયાની જો કોઈ ટિપ્પણીઓ હોય તો તે સહિત બોર્ડના નિયામકો તેમ જ ઓડિટર્સના અહેવાલો મેળવવા, તેના ઉપર વિચારણા કરવી અને તેને સ્વીકૃતિ આપવી; તેમ જ

**બોર્ડના આદેશથી**

દિનાંકઃ ૮મી જાન્યુઆરી, ૨૦૧૪
સ્થળઃ મહેસાણા

**નીતિનકુમાર એમ. જોષી, એફસીએસ**
**કંપની સચિવ**

**નોંધઃ**

૧. સભામાં હાજર રહેવા તથા મત આપવાની પાત્રતા ધરાવતા સભ્ય પોતાને બદલે સભામાં હાજર રહી મત આપવા માટે પોતાના પ્રતિનિધિની નિમણુંક કરવાને પાત્ર છે અને આ પ્રતિનિધિ કંપનીના સભ્ય હોય તે જરૂરી નથી. સભા બોલાવવા માટે કંપનીની રજીસ્ટર્ડ કચેરી ખાતે પ્રોકસી સભા શરૂ થવાના ૪૮ કલાક અગાઉ મળવાં જોઈએ.

## નોટિસ

આથી સૂચના જારી કરવામાં આવે છે કે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના સભાસદશ્રીઓની દસમી વાર્ષિક સાધારણ સભા ગુરૂવાર, તા. ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૩ ના સાંજે ૫.૦૦ કલાકે કંપનીની વિસનગર રોડ, મહેસાણા- ૩૮૪૦૦૧ સ્થિત રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ ખાતે નીચે દર્શાવેલ કામકાજ અંગે મળશે.

**સામાન્ય કામકાજઃ**

૧. તા. ૩૧મી માર્ચ ૨૦૧૩ ના રોજનું ઓડિટ કરેલ સરવૈયું અને તે તારીખે પૂરા થતા વર્ષ માટેનું નફા-નુકસાન ખાતું તેમજ તે સાથેની નોંધો સહિત કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઇન્ડિયાની જો કોઇ ટિપ્પણીઓ હોય તો તે સહિત બોર્ડના નિયામકો તેમ જ ઓડિટર્સના અહેવાલો મેળવવા, તેના ઉપર વિચારણા કરવી અને તેને સ્વીકૃતિ આપવી; તેમ જ

૨. કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઇન્ડિયા (સી એન્ડ એજી), નવી દિલ્હી દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માટે કંપનીના હિસાબોની ચકાસણી કરવા માટે નિયુક્ત કરવામાં આવેલા અધિકૃત ઓડિટરનું વેતન મુકરર કરવું.

**બોર્ડના આદેશથી**

દિનાંકઃ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૩
સ્થળઃ અમદાવાદ

**નીતિનકુમાર એમ. જોષી, એફસીએસ**
**કંપની સચિવ**

**નોંધઃ**

૧. સભામાં હાજર રહેવા તથા મત આપવાની પાત્રતા ધરાવતા સભ્ય પોતાને બદલે સભામાં હાજર રહી મત આપવા માટે પોતાના પ્રતિનિધિની નિમણુંક કરવાને પાત્ર છે અને આ પ્રતિનિધિ કંપનીના સભ્ય હોય તે જરૂરી નથી. સભા બોલાવવા માટે કંપનીની રજીસ્ટર્ડ કચેરી ખાતે પ્રોકસી સભા શરૂ થવાના ૪૮ કલાક અગાઉ મળવાં જોઇએ.

૨. કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઇન્ડિયા (સી એન્ડ એજી) ની કચેરી દ્વારા નિમણુંક કરવામાં આવેલ વર્તમાન સ્ટેચ્યુટરી ઓડિટર મે. એસ.સી. અજમેરા એન્ડ કંપની, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઉદેપુર દસમી વાર્ષિક સાધારણ સભાને અંતે નિવૃત થશે. સી એન્ડ એજીએ મે. કોચર એન્ડ એસોસિએટ્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, અમદાવાદની કંપનીના હિસાબોની ચકાસણી કરવા ૩૧મી માર્ચ, ૨૦૧૪ ના અંતે પૂરા થતા નાણાંકીય વર્ષ માટે કંપનીના અધિકૃત ઓડિટર તરીકે નિયુકિત કરી છે.

## નિયામકોનો અહેવાલ

**પ્રતિ,**
સભાસદશ્રીઓ,
**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

આપના નિયામકો તા. ૩૧મી માર્ચ, ૨૦૧૩ ના રોજ પૂરા થતા નાણાંકીય વર્ષ માટેના ઓડિટ કરેલા હિસાબો સાથે કંપનીનો દસમો વાર્ષિક અહેવાલ રજૂ કરતાં આનંદ અનુભવે છે.

**નાણાંકીય કાર્યસિધ્ધિઃ**

કંપનીના નાણાંકીય પરિણામોની સંક્ષિપ્ત વિગતો નીચે મુજબ છે.

**(₹ લાખમાં)**

| વિગતો | ૨૦૧૨-૧૩ | ૨૦૧૧-૧૨ |
|---|---|---|
| કુલ આવક | ૭૫૯૨૯૩.૦૦ | ૬૪૯૧૭૪.૦૦ |
| ઘસારા, વ્યાજ અને કર અગાઉનો નફો | ૩૨૦૭૪.૦૦ | ૨૩૯૪૪.૦૦ |
| ઘસારો | ૧૪૯૭૨.૦૦ | ૧૩૩૪૮.૦૦ |
| વ્યાજ અને નાણાંકીય ખર્ચ | ૧૫૧૩૦.૦૦ | ૯૦૮૦.૦૦ |
| કર અગાઉનો નફો | ૧૯૭૨.૦૦ | ૧૫૧૫.૦૦ |
| કર અંગે જોગવાઇ (વિલંબિત કરની જોગવાઇ સહિત) | ૬૦૯.૦૦ | ૨૭૦.૦૦ |
| કર બાદનો નફો | ૧૩૬૪.૦૦ | ૧૨૪૫.૦૦ |
| અગાઉના વર્ષમાંથી નફો આગળ લઇ ગયા | ૩૫૩૫.૦૦ | ૪૩૮૬.૦૦ |
| વપરાશ માટે ઉપલબ્ધ ચોખ્ખો નફો | ૪૮૯૯.૦૦ | ૩૫૩૫.૦૦ |

**ડિવિડન્ડઃ**

કંપનીનાં સંસાધનોની સાચવણી અને વ્યવસ્થાતંત્રની સુધારણા માટે, આપના નિયામકો વર્ષ માટે કોઇ જ ડિવિડન્ડની ભલામણ કરતા નથી.

**સિધ્ધિઓ:**

વર્ષ દરમિયાન, આપની કંપનીને ૧૫મે, ૨૦૧૨ ના રોજ: રાજયની શ્રેષ્ઠ વીજ વિતરણ કંપનીની શ્રેણીમાં ઇન્ડિયા ઇન્ફ્રાસ્ટકચર પબ્લિશિંગ દ્વારા રનર્સ અપ તરીકે પાવર લાઇન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. પુરસ્કારનો ઉદ્દેશ સમગ્ર દેશમાં વીજક્ષેત્રે શ્રેષ્ઠ કાર્ય કરતી વીજ વિતરણ કંપનીઓની કદર કરવાનો છે.

૨૯મી નવેમ્બર, ૨૦૧૨ ના રોજ, યુજીવીસીએલનેઃ સમગ્રતયા સેવાકીય કાર્યસિધ્ધિ (વીજ વિતરણ) ગ્રામ્યની શ્રેણીમાં ઇન્ડિયા પાવર પુરસ્કારના વિજેતા ઘોષિત કરવામાં આવેલ. માર્ચ, ૨૦૧૩ માં, ભારત સરકારના વીજ મંત્રાલયે રાજયની વીજ વિતરણ સેવાઓ માટેના એકીકૃત મૂલ્યાંકન પધ્ધતિ અંતર્ગત પ્રથમ વાર્ષિક મૂલ્યાંકનો જાહેર કર્યા હતાં. આ મૂલ્યાંકનો હેઠળ, યુજીવીસીએલને એ+ મૂલ્યાંકન પ્રાપ્ત થયું હતું, જે સમગ્ર ભારતમાં બીજા ક્રમાંકની શ્રેષ્ઠ વીજ વિતરણ સેવા છે.

**વર્ષ દરમિયાનની કામગીરીઃ**

સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન, આર્થિક અનુદાન અને અન્ય આવક સહિત વીજ વેચાણની આવક ₹ ૭,૫૯,૨૯૩ લાખ (અગાઉના વર્ષે ₹ ૬,૪૯,૧૭૪ લાખ) થઇ હતી. કંપનીએ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (જીયુવીએનએલ) સૌર ઉર્જા સ્ત્રોત અને પવનચકકીના સ્ત્રોત પાસેથી ૨૦,૭૬૫ મિલિયન એકમ (અગાઉના વર્ષે ૧૮૪૦૮ મિલિયન

એકમ) વીજળીની ખરીદી કરી હતી તથા તમામ શ્રેણીના ગ્રાહકોને ૧૭,૫૫૦ મિલિયન એકમ (અગાઉના વર્ષમાં ૧૬,૦૩૦ મિલિયન એકમ) વીજળીનું વેચાણ કર્યું હતું. કંપનીની સમગ્રતયા વહન અને વિતરણ ખાધ ૧૭.૮૩% ના દરે (અગાઉના વર્ષમાં ૧૪.૫૧%) ૩.૨૧૬ મિલિયન એકમ (અગાઉના વર્ષે ૨,૩૭૮ મિલિયન એકમ) નોંધાઇ છે.

સમીક્ષા હેઠળનું વર્ષ કંપનીની કામગીરીનું છઠ્ઠું વર્ષ છે અને આપની કંપનીએ તેના લક્ષ્યાંકો હાંસલ કરવા હંમેશાં પ્રયાસો કર્યા છે. કામગીરી બાબતની કેટલીક વિશિષ્ટતાઓ પૈકીની નીચે મુજબ છેઃ

- કુલ ૨,૪૫૯ (અગાઉના વર્ષમાં ૨,૩૯૬) જેટલાં ગ્રામ્ય ફીડરોને ખેતીવાડી પ્રભાવિત ફીડરો તરીકે જાહેર કરવામાં આવ્યાં છે.
- અગાઉના વર્ષમાં પ્રત્યાવર્તી ઊપકરણોની નિષ્ફળતાના ૮.૧૪% નો દર ઘટીને ૬.૮૫% થયો છે.
- વર્ષ દરમિયાન વીજચોરી તથા અન્ય વીજ ગેરરીતિઓ અટકાવવા સતત પ્રયાસ સાથે તકેદારીની પ્રવૃતિ હાથ ધરવામાં આવી હતી.
  - ચકાસવામાં આવેલ વીજ સ્થાપન - ૬,૩૧,૨૩૭ (અગાઉના વર્ષમાં ૬,૩૨,૭૫૮)
  - વીજ ચોરીમાં પકડાએલ વીજ સ્થાપનો - ૧૧,૪૫૦ (અગાઉના વર્ષમાં ૧૧,૯૪૧)
  - આકારવામાં આવેલ રકમ - ₹ ૧,૮૮૧ લાખ (અગાઉના વર્ષમાં ₹ ૨,૦૦૪ લાખ)
- પ્રણાલીમાં સારી સુધારણા અને અતિભારિત ફીડરો પર ગુણવત્તાયુકત વીજ પુરવઠો આપવા સારું, વર્ષ દરમિયાન, ૧૨૭ જેટલાં (અગાઉના વર્ષમાં ૧૬૫) ફીડરોનું દ્વિભાજન કરવામાં આવ્યું હતું તેમ જ ચાર્જ કરવામાં આવ્યાં હતાં.
- કુલ ૨૫૮૫ (અગાઉના વર્ષમાં ૨૩૧૦) જેટલાં ભારે વીજદબાણ ધરાવતાં વીજ સ્થાપનો પર સ્વયંસંચાલિત મીટર વાંચન (એએમઆર) મીટરોનું સ્થાપન કરવામાં આવ્યું છે. આના કારણે માનવશ્રમ તેમ જ સંપૂર્ણ ચોકકસાઇ સાથે બીલ બનાવવાની પ્રક્રિયાના સમયમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે, અને એ રીતે ગ્રાહક વપરાશની માહિતી અને તકેદારી નિરીક્ષણના અભ્યાસમાં સહાય મળી છે.
- તકનીકી ખાધમાં ઘટાડા માટે, શહેરી, જીઆઇડીસી અને જયોતિગ્રામ ફીડરો પર ૨,૩૪૫ (અગાઉના વર્ષમાં ૧,૨૬૧) વિલક્ષણ/૪-સ્ટાર પ્રત્યાવર્તી ઊપકરણોનું સ્થાપન કરવામાં આવ્યું છે.
- કુલ ૨,૩૯૮ (અગાઉના વર્ષમાં ૨,૩૧૪) જેટલાં વિશેષ સંરચના સહિતનાં પ્રત્યાવર્તી ઊપકરણો (એસડીટી) નું ખેતીવાડી ફીડરો પર સ્થાપન કરવામાં આવ્યું છે, જેનો લાભ ૧,૦૦,૭૨૩ (અગાઉના વર્ષમાં ૯૩,૯૭૯) જેટલાં ફાર્મહાઉસ વીજજોડાણને મળી રહયો છે.
- કામગીરીમાં પ્રગતિ- નવાં વીજ જોડાણોઃ
  - નવાં એચટી વીજ જોડાણ- ૨૭૫ (અગાઉના વર્ષમાં ૨૨૮)
  - વધારાનો એચટી વીજભાર- ૧૯૪ (અગાઉના વર્ષમાં ૧૫૭)
  - એનઆરજીપી-૧ ૨,૫૬૦
  - એનઆરજીપી-સી ૯,૪૯૨
  - એલટીએમડી-૧ ૨૮૬
  - એલટીએમડી-સી ૬૧
  - આરજીપી- ૫૧,૩૫૩ (અગાઉના વર્ષમાં ૫૬,૩૯૨)
  - વારિગૃહ- ૬૦૧ (અગાઉના વર્ષમાં ૭૦૨)
  - ખેતીવાડી વીજ જોડાણ

- ✓ એસપીએ કૂવા (સાધારણ યોજના)- ૫૮૧૦(અગાઉના વર્ષમાં ૧૦૨૮)
- ✓ ટીએએસપી કૂવાઓ- ૩૬૧૮ (અગાઉના વર્ષમાં ૩૨૬૧)
- ✓ તત્કાલ યોજના- ૬૨ (અગાઉના વર્ષમાં ૪૦૬૪)
- ✓ ડાર્ક ઝોન કૂવાઓ ૭૩૮૨ (અગાઉના વર્ષમાં ૦)
- ❖ પેટાંપરાંઓનું વીજળીકરણ- ૦ (અગાઉના વર્ષમાં ૨)
- ❖ એસસીએસપી (ઘરગથ્થુ)- ૫૫૯૬ (અગાઉના વર્ષમાં ૩૭૬૪)
- ❖ આરજીજીવીવાય (નવાં વીજ જોડાણ)- ૨૧૦૭ (અગાઉના વર્ષમાં ૧૭૮૬૫)
- ❖ ઝૂંપડપટ્ટી વીજ જોડાણ- ૧૨૧૮૪ (અગાઉના વર્ષમાં ૨૦૩૦૧)
- ❖ કુટીરજયોતિ વીજ જોડાણ- ૧૯૮૯ (અગાઉના વર્ષમાં ૧૮૮૯)
- ❖ પ્રણાલીના નેટવર્કમાં વૃધ્ધિ
  - ✓ એચટી વીજરેષા- ૩,૮૫૪ કિમી (અગાઉના વર્ષે ૧,૮૪૭ કિમી)
  - ✓ એલટી વીજરેષા- ૧૧૨૦ કિમી (અગાઉના વર્ષે ૨,૨૬૫ કિમી)
  - ✓ પ્રર્ત્યાવર્તી ઊપકરણ કેન્દ્રો- ૧૬,૭૯૬ (અગાઉના વર્ષે ૮,૩૭૮)

**ફીડરનું દ્વિભાજન:**

ખેતીવાડી ફીડરો પરના વીજ પુરવઠાની ગુણવત્તા સુધારવા, ૨૧૦ (અગાઉના વર્ષે ૨૩૭) જેટલા અતિભારિત અને નબળું વોલ્ટેજ નિયમન ધરાવતા ફીડરોનું દ્વિભાજન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

**સરકારી યોજનાઓ:**

કંપનીએ રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના (છ જિલ્લાઓમાં), ઝૂંપડપટ્ટી, કુટિર જયોતિ, એસસીએસપી, ટીએએસપી કૂવાઓ, ખેતીવાડી (એસપીએ) સાધારણ કૂવાઓ, ડાર્ક ઝોન હેઠળના કૂવાઓ, જૂનવાણી ઢબના આદિજાતિ ઘરોનું વીજકરણ, પ્રાથમિક શાળાઓ અને આંગણવાડીઓ જેવી સરકાર પુરસ્કૃત વિદ્યુતીકરણ પ્રવૃતિના તમામ લક્ષ્યાંકો હાંસલ કર્યા છે.

**પુર્નગઠિત વીજ વિકાસ તથા નવનિર્માણ કાર્યક્રમ (આર-એપીડીઆરપી):**

ભારત સરકારે તા. ૧૯.૦૯.૨૦૦૮ ના આદેશ દ્વારા રાજયની વીજ સેવાઓની વીજ વિતરણ કામગીરીને સુદ્દઢ બનાવવા તથા પરિયોજનાના અંતે તકનીકી તથા વાણિજિયક ખાધ ૧૫% સુધી લાવવા, પુર્નગઠિત વીજ વિકાસ તથા નવનિર્માણ કાર્યક્રમ (આર-એપીડીઆરપી) નો આરંભ કર્યો હતો.

આ યોજના હેઠળની પરિયોજનાઓ બે ભાગમાં હાથ ધરવામાં આવશે. વિભાગ-અ માં મૂળભૂત માહિતી અને વીજ હિસાબીકરણ/ઓડિટીગ તથા માહિતી પ્રૌદ્યોગિકી આધારિત ગ્રાહક કેન્દ્રો માટે માહિતી પ્રોદ્યોગિકી પ્રણાલીઓના સ્થાપનનો સમાવેશ થશે. વિભાગ-બ માં વીજ વિતરણ કામગીરીનું નિયમિત દ્દઢીકરણ કરવાની પરિયોજનાઓનો સમાવેશ થશે. પુર્નગઠિત વીજ વિકાસ તથા નવનિર્માણ કાર્યક્રમ (આર-એપીડીઆરપી) અંતર્ગત અમલીકરણ હેઠળની વિવિધ પરિયોજનાઓ માટે મધ્યવર્તી એજન્સી તરીકે પાવર ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ મારફતે ધિરાણ/અનુદાન મેળવવા થકી નાણાંકીય સહાય આપવામાં આવે છે.

**સ્કાડા:**

સ્કાડા અર્થાત્ દેખરેખ નિયંત્રણ અને માહિતી સંપાદન. આ નામ દર્શાવે છે તેમ આ પૂર્ણતઃનિયંત્રણ પ્રણાલી નથી, પરંતુ દેખરેખના સ્તર પર લક્ષ કેન્દ્રિત કરે છે. સ્કાડા એ એકકાલી નિયંત્રણ પ્રણાલી છે. આ પ્રણાલી સુરક્ષિત અને કાર્યક્ષમ વીજ વિતરણની કામગીરીમાં જ સહાયભૂત થવા ઉપરાંત તે એક ઉર્જા માહિતી પ્રણાલી પણ છે, જે નિર્ણયકર્તાઓને ભરોસાપાત્ર માહિતી પુરી પાડે છે. આ સ્કાડા પ્રણાલીના લાગુકરણ દ્વારા, વીજ વિતરણ કંપનીનો પ્રચાલક તમામ સબ-સ્ટેશનો, ફીડરો અને દૂરવર્તી નિયંત્રણ એકમ (આરએમયુ) ની સ્થિતિનું ઓનલાઇન નિયંત્રણ કરી શકે છે. અસાધારણ સંજોગોમાં, પ્રચાલક નેટવર્કમાં લઘુત્તમ વિક્ષેપ સહિત પ્રણાલીનું પુર્નસ્થાપન કરવા સરળતાથી નિર્ણય લઇ શકે છે. એકીકૃત સ્કાડા પ્રણાલી, ફરિયાદોનું સરળ નિરાકરણ કરવા માટે જીઆઇએસ પ્રણાલીમાં અને ગ્રાહક સંભાળ કેન્દ્રમાં પણ માહિતી મોકલી શકે છે તેમ જ તે નેટવર્કના પુનઃસ્થાપન માટે ગ્રાહકને યોગ્ય સમય પણ આપે છે. સ્કાડા પરિયોજનાનો અમલ થઇ રહયો છે.

**સ્માર્ટ ગ્રીડ:**

જીયુવીએનએલ (ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ) યુજીવીસીએલ ખાતે સ્માર્ટ ગ્રીડની પ્રાયોગિક ધોરણે પરિયોજનાની શરૂઆત કરવાનો ઉદ્દેશ ધરાવે છે, જેમાં ગુજરાતના ઉત્તર વિભાગના છ અને પશ્ચિમ અને મધ્ય ક્ષેત્રોના ત્રણ આંશિક જિલ્લાઓનો સમાવેશ થાય છે. પ્રાયોગિક ધોરણની પરિયોજનાનું વિસ્તૃત કાર્યક્ષેત્ર નીચે મુજબ છે:

- તકનીકી અને વાણિજિયક ખાધમાં ઘટાડો
- સર્વોચ્ચ વીજ માંગ વ્યવસ્થાપન
- ઔદ્યોગિક, વાણિજિયક અને રહેણાંકના ગ્રાહકો માટે એએમઆઇ
- વીજળી ખોરવાઇ જવાના કિસ્સાઓમાં વ્યવસ્થાપન
- વીજ ભારનું અનુમાન
- માંગ તરફી વ્યવસ્થાપન અને માંગ પ્રતિભાવ
- અસ્કયામત વ્યવસ્થાપન પ્રણાલી
- વીજ ગુણવત્તા વ્યવસ્થાપન

પ્રાયોગિક પરિયોજનાના વિસ્તારમાં રહેણાંક, વાણિજિયક, ઔદ્યોગિક અને ખેતીવાડીના ગ્રાહકોનો સમાવેશ થાય છે. પ્રાયોગિક પરિયોજનાના પસંદ કરવામાં આવેલ વિસ્તારમાં સાબરમતી વર્તુળ કચેરીના નરોડા અને પાલનપુર વર્તુળ કચેરીના ડીસાનો સમાવેશ થાય છે. આ પરિયોજના સ્માર્ટ ગ્રીડની કામગીરીઓનો સમાવેશ થાય છે જે વીજ મંત્રાલય દ્વારા નિર્ધારિત કરવામાં આવે છે.

**ગ્રાહક સેવાઓ:**

**૧. કસ્ટમર કેર સેન્ટર (સીસીસી):**

સીગલ વીન્ડો ધરાવતા કોમ્પ્યુટર સંચાલિત ગ્રાહક કેન્દ્રની સ્થાપના. કેન્દ્ર અત્યાધુનિક પ્રૌદ્યોગિકી અને બહુવિધ કૌશલ્ય ધરાવતા ગ્રાહક કેન્દ્રના પ્રતિનિધિઓથી સજજ હશે. "એક જ સંપર્ક સ્ત્રોત" ની સેવા ગ્રાહકને અલગ અલગ કચેરીઓમાં જવાથી અથવા સંપર્ક કરવામાં પડતી અગવડોથી મુકત કરશે. ફરિયાદ ફોન, ફેકસ, આઇવીઆરએસ, વેબસાઇટ વગેરે પર નોંધાવી શકાશે. આ કેન્દ્ર ૨૪x૭ કામ કરવાના

કલાકો દરમિયાન કાર્યરત રહેશે. ગ્રાહકને તથા ક્ષેત્રીય કચેરીના કર્મચારીઓને ફરિયાદના ઝડપી નિકાલ માટે એક સાથે ફરિયાદ ક્રમાંક આપવા ગ્રાહક સંભાળ કેન્દ્રોને એસએમએસ સેવાથી જોડવામાં આવશે. ગ્રાહકની ફરિયાદની પૂર્તિ માટે કેન્દ્રને માહિતી કેન્દ્ર અને જીઆઇએસ સાથે જોડવામાં આવશે.

૨. **બીલની ઓનલાઈન ચુકવણી:**

ગ્રાહકોના ઘર આંગણે આ સેવા પુરી પાડવામાં આવે છે. ગ્રાહક નેટ બેંકિંગ, ક્રેડીટ/ડેબિટ કાર્ડ અને આરટીજીએસ/ એનઈએફટી (વાસ્તવિક ખાતાનો ખ્યાલ) વડે ૨૦ કરતાં વધારે અગ્રણી ખાનગી અને જાહેર ક્ષેત્રોની બેંકોમાં બીલની ચુકવણી કરી શકશે. આ સવલત તમામ ગ્રાહકો માટે ઉપલબ્ધ છે. છેલ્લા નાણાંકીય વર્ષમાં એકત્ર કરવામાં આવેલ રકમ ₹ ૮૩૦ કરોડ હતી, જે યુજીવીસીએલની કુલ આવકના ૧૯% જેટલી છે.

૩. **ઈ-ગ્રામ રોકડ સંચય:**

ગામડાના ગ્રાહકો પોતાના ઘર આંગણે વીજ બીલનાં નાણાં ચુકવી શકે તેવી સવલત આપવા જરૂરી એપ્લીકેશન કંપની દ્વારા વિકસાવવામાં આવ્યું હતું. ગુજરાત સરકાર દ્વારા વિકસાવવામાં આવેલ હાલના વાઈડ એરિયા નેટવર્કનો ઉપયોગ થઇ રહયો છે. નેટવર્ક અથવા હાર્ડવેર પર વધારાના કોઈ જ રોકાણની જરૂર નથી. ગ્રામ પંચાયતો સાથે કરારો કરવા દ્વારા તેઓને યુજીવીસીએલના વ્યાવસાયિક સહયોગીઓ બનાવવામાં આવી છે. સરકાર દ્વારા નિયુકત કરવામાં આવેલ ગ્રામ્ય કોમ્પ્યુટર પ્રચાલકો ઈ-ગ્રામ સંચય પ્રણાલીના અમલીકરણ માટે મદદ કરશે. બાકી ચુકવણી સ્વીકારવા, કરવામાં આવેલ ચુકવણી અને ગ્રાહકોને અન્ય માહિતીના પ્રદાન માટે ઈ-ગ્રામ પ્રણાલી સાથે ટૂંકા સંદેશાઓની સેવા (એસએમએસ) ની સવલત સાથે જોડવાનું પણ આયોજન કરવામાં આવી રહયું છે. આ સવલત શહેરી વિસ્તારમાં પણ વિસ્તારવામાં આવી છે, જયાં રોકડ સંચય એજન્સી પાસે ઈન્ટરનેટની સુવિધા છે. ૨૮૦૦ કરતાં વધુ ગ્રામ પંચાયતો ૧૦ લાખ કરતાં વધુ ગ્રાહકોની સેવા કરવા સાથે આ સવલતનો ઉપયોગ કરી રહી છે. ગત વર્ષમાં સંચિત કરવામાં આવેલ રકમ ₹ ૨૮૮ કરોડ છે, જે યુજીવીસીએલની કુલ સંચિત આવકના ૭% છે.

૪. **કોઈપણ સમયે ચુકવણી/કિઓસ્ક:**

કંપનીના કાર્યક્ષેત્ર હેઠળના ૨૩ શહેરોમાં જાહેર સ્થળોની પસંદગી કરવામાં આવી છે જયાં ૨૪x૭ કલાકો દરમિયાન વીજ બીલની રોકડેથી/ચેકથી ચુકવણી કરવાની સવલતની સ્થાપના કરવામાં આવી છે. વર્ષ દરમિયાન સંચિત કરવામાં આવેલ રકમ ₹ ૧૮૨ કરોડ છે,જે યુજીવીસીએલની કુલ સંચિત આવકના ૪% છે.

**આરજીજીવીવાય:**

ગ્રામ્ય વિસ્તારના તમામ રહેણાંકોમાં વીજળી પહોંચાડવા, ગરીબીરેખા હેઠળના તમામ રહેણાંકોમાં નિ:શુલ્ક વીજ પુરવઠો પૂરો પાડવા કેન્દ્ર સરકારે એપ્રિલ, ૨૦૦૫ માં મધ્યવર્તી સંસ્થા રૂરલ ઈલેકટ્રીફિકેશન લિમિટેડ, નવી દિલ્હી દ્વારા આરજીજીવીવાય યોજનાનો આરંભ કર્યો હતો. આ પરિયોજના હેઠળ, ભારત સરકાર દ્વારા ૯૦% રકમ આર્થિક અનુદાન

તરીકે અને રૂરલ ઈલેક્ટ્રીફિકેશન કોર્પોરેશન લિમિટેડ દ્વારા રાજ્ય સરકારોને ૧૦% રકમ ધિરાણ તરીકે આપવામાં આવે છે. કંપનીના નિયમોનુસાર, લાભાર્થીઓએ વીજ વપરાશ પેટે નિયમિતપણે વીજ બીલોની રકમ ચુકવવાની રહેશે. યોજનાની ફરજિયાત શરતો અનુસાર, આરજીજીવીવાય યોજનાની કામગીરી ટર્ન-કી આધારે કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન, આરઈસીએ ₹ ૦.૬૩ કરોડનું ભંડોળનું (એકત્રિત ₹ ૬૫.૦૯ કરોડ) વિતરણ કર્યું હતું. વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન, કામગીરીના અમલીકરણ માટે ઉપયોગમાં લેવામાં આવેલ ભંડોળની રકમ ₹ ૪.૪૮ કરોડ (એકત્રિત ₹ ૭૪.૪૮ કરોડ) હતી.

**ગ્રાહક તકરાર નિરાકરણ મંચઃ**

વીજધારા, ૨૦૦૩ અને તે અંતર્ગત નિર્દિષ્ટ નિયમનો દ્વારા આદેશ આપ્યા મુજબ, કંપનીએ ગ્રાહક તકરાર નિવારણ મંચની સ્થાપના કરી છે. વર્ષ દરમિયાન, કુલ ૨૦૬ જેટલા મુકદ્દમાઓનો નિકાલ કરવામાં આવ્યો હતો.

**વીજદર માળખુંઃ**

ગુજરાત વીજ નિયમન પંચ (જર્ક) રાજ્યની વીજ સેવાઓ આપતી સંસ્થાઓ નિયમન કરતી સત્તા છે અને આ પંચને વિવિધ કામગીરીઓ આપવા સાથે વીજ વપરાશ કરતા છેવટના ગ્રાહકો માટેના છૂટક વીજ દર નિર્ધારિત કરવાની કામગીરી સોંપવામાં આવી છે.

વીજ ધારા, ૨૦૦૩ ની કલમ-૬૨ અને જર્કના સુસંગત નિયમનો અંતર્ગત, કંપનીએ જર્ક (એમવાયટી માળખું) નિયમનો, ૨૦૧૧ અને વીજ ધારા, ૨૦૦૩ ની (કલમ-૬૧ થી ૬૪) ના ઘટક-૬ હેઠળ જારી કરવામાં આવેલ સુસંગત માર્ગદર્શિકાઓ અનુસાર, નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ ના હિસાબો સરભર કરવા અને નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ વીજ દર માળખું નિર્ધારિત કરવા કંપનીએ તા. ૪ થી જાન્યુઆરી, ૨૦૧૩ ના રોજ મુકદ્દમા ક્રમાંક ૧૨૮૩/૨૦૧૩ દ્વારા અંતિમ યાચિકા દાખલ કરાવી હતી. તા. ૧૧, ૧૩, ૧૬ અને ૧૮ માર્ચ, ૨૦૧૩ ના રોજ યોજવામાં આવેલ જાહેર સુનાવણી બાદ, જર્કે તા. ૧૬ મી એપ્રિલ, ૨૦૧૩ ના રોજ પોતાનો ચુકાદો જારી કર્યો હતો અને તા. ૧લી એપ્રિલ, ૨૦૧૩ ની અસરથી છૂટક વીજ દરો મુકરર કર્યા હતા. ઉક્ત વીજ દર માળખું નકકી કરતા આદેશ મુજબ, ગરીબી રેખા હેઠળના ગ્રાહકો સિવાયના તમામ ગ્રાહકોની શ્રેણી માટે સમગ્રતયા વીજદરમાં સરેરાશ પ્રતિ એકમ ૩૫ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે, જેમાં સ્થાયી/હકકની ઉઘરાણી ખર્ચ અને વીજ ખર્ચ સમાવિષ્ટ થાય છે.

**ઓડિટર્સઃ**

નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માટે કંપનીના હિસાબોની ચકાસણી કરવા માટે કંપનીના અધિકૃત ઓડિટર્સ તરીકે મે. એસ.સી. અજમેરા એન્ડ કંપની, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, ઉદેપુરની નિમણુંક કરવામાં આવી હતી. નવી દિલ્હી સ્થિત કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈંડિયા (સીએન્ડએજી) એ નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માટે કંપનીના હિસાબોની અધિકૃત ચકાસણી હાથ ધરવા માટે કંપનીના અધિકૃત ઓડિટર તરીકે મે. કોચર એન્ડ એસોસિએટ્સ, અમદાવાદની નિમણુંક કરી છે. કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૨૨૪ ની જોગવાઈઓ અનુસાર, સાધારણ સભામાં કંપની દ્વારા તેઓનું વેતન નિર્ધારિત કરવાનું છે.

**ઓડિટરનો અહેવાલ:**

નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માટે કંપનીના અધિકૃત ઓડિટર્સ તરીકે નિયુકત કરવામાં આવેલ મે. એસ.સી. અજમેરા, ઉદેપુરનાઓએ તેઓના અહેવાલમાં નીચેની બે લાયકાતોનો નિર્દેશ કર્યો છે, જે અંગે બોર્ડે કલમ-૨૧૭ ની જોગવાઈઓ અંતર્ગત આવશ્યક ખુલાસો નીચે મુજબ આપેલ છે:

**લાયકાતો:**

૧. વર્ષ દરમિયાન, કંપનીએ વીજ સરંક્ષણ પેટે ફાળવવામાં આવેલ ₹ ૯૪૯.૬૮ લાખના અનુદાનને હિસાબી મથાળા "અન્ય આવક-વીજ અનુદાન" હેઠળ નફા-નુકસાન ખાતે તબદીલ કર્યુ છે, જે અગાઉના વર્ષમાં "મૂડીગત અનુદાન" તરીકે દર્શાવવામાં આવ્યું હતું.

૨. વર્ષ દરમિયાન, કંપનીએ પરત કરવા પાત્ર ₹ ૧૯૧૯.૪૮ લાખની સરકારી આર્થિક સહાયની હિસાબી મથાળા "અન્ય આવક (અગાઉના સમયની આવક/નફો)" તરીકે નફા-નુકસાન ખાતે તબદીલ કરી હતી, જે અગાઉના વર્ષમાં "ચાલુ જવાબદારીઓ/મૂડીગત અનુદાન" તરીકે દર્શાવવામાં આવી હતી.

આમ, કંપનીના નફામાં ₹ ૨૮૬૯.૧૬ લાખનો વધારો અને જવાબદારીઓમાં ₹ ૨૮૬૯.૧૬ લાખનો ઘટાડો થયો હતો.

**બોર્ડનું સ્પષ્ટીકરણ:**

૧. અધિકૃત ઓડિટર દ્વારા જારી કરવામાં આવેલ ગુણવત્તા અંગેનો અભિપ્રાય ક્ષતિયુકત છે કારણ વર્ષ દરમિયાન, કંપનીએ વીજ સંરક્ષણ પેટે ફાળવવામાં આવેલ ₹ ૯૪૯.૬૮ લાખના અનુદાનને હિસાબી મથાળા "અન્ય આવક-વીજ અનુદાન" હેઠળ નફા-નુકસાન ખાતે તબદીલ કર્યુ નહોતું. મહેસુલી પ્રકારના ખર્ચને પહોંચી વળવા અનુદાનની આ રકમ નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન મળેલ હતી. જીયુવીએનએલ (ધારક કંપની) પાસેથી મળેલ રોજમેળની આ નોંધમાં હિસાબી કોડ ૬૩.૧૨૧ નો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો હતો, જે સર્વથા મહેસુલી આવકના પ્રકારનો છે. યુજીવીસીએલ સહિત તમામ વીજ વિતરણ કંપનીઓ દ્વારા હિસાબી નિરૂપણ એક સમાન ધોરણે કરવામાં આવ્યું છે.

૨. અધિકૃત ઓડિટર્સ દ્વારા યોગ્ય દર્શાવવામાં આવેલ ₹ ૧૯૧૯.૪૮ લાખની રકમનો ખોટો નિર્દેશ કરવામાં આવેલો છે. સાચી રકમ ₹ ૧૯૯૧.૪૮ લાખ છે. દર્શાવવામાં આવેલ ₹ ૧૯૯૧.૪૮ લાખની રકમ ગુજરાત સરકાર દ્વારા ઘોષિત વીજ કાર્યસાધક પમ્પસેટ યોજના માટે મળેલ અનુદાનની સિલક છે. આ યોજના નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ માં બંધ કરવામાં આવી હતી. ઊપયોગમાં નહિ લેવાયેલ ₹ ૧૯૯૧.૪૮ લાખની સિલકને અગાઉના સમયની આવક ખાતે તબદીલ કરવામાં આવી હતી અને આ રકમ પરત કરવાપાત્ર ના હોઈને, નફા-નુકસાન ખાતે જમા લેવામાં આવેલ હતી.

અધિકૃત ઓડિટર દ્વારા દર્શાવવામાં આવેલ ₹ ૨૮૬૯.૧૬ લાખની રકમનો ખોટો નિર્દેશ કરવામાં આવેલો છે અને તેથી, કંપનીના નફામાં વૃધ્ધિ અને જવાબદારીમાં ઘટાડો થયાનો કોઈ કિસ્સો નથી.

કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૬૧૯ (૪) ને સુસંગત કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઇન્ડિયાની ટિપ્પણીઓ/અહેવાલ મળવા સાથે જ જારી કરવામાં આવશે.

**કોસ્ટ ઓડિટરઃ**

કંપની દ્વારા ખર્ચ વિષયક હિસાબી નોંધવહીઓ (અધિનિયમ), ૨૦૦૧ અંતર્ગત રાખવામાં આવતી વીજ ઉદ્યોગ વિષયક ખર્ચ અંગેની નોંધવહીઓ તથા હિસાબી ચોપડાઓની ચકાસણી માટે કોસ્ટ ઓડિટરની નિમણુંક કરવા માટે, ભારત સરકારના કંપનીઓને લગતા મંત્રાલયે, કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૨૩૩-બી અંતર્ગત ખર્ચ ચકાસણી આદેશ જારી કર્યો છે. તદ્નુસાર, બોર્ડના નિયામકોએ મે. આશિષ. એસ. ભાવસાર એન્ડ કંપની, અમદાવાદની નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માટે કોસ્ટ ઓડિટર તરીકે નિમણુંક કરી છે, જેને વીજ ઉદ્યોગ સંબંધી ખર્ચ અંગેના હિસાબોની ચકાસણી કરવા સારું કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માટે કોસ્ટ ઓડિટરોએ કોસ્ટ ઓડિટ અહેવાલ તૈયાર કર્યો છે જેને નિયત તારીખ અગાઉ કોસ્ટ ઓડિટર દ્વારા કેન્દ્ર સરકાર (એમસીએ પોર્ટલ) સમક્ષ રજૂ કરવામાં આવશે.

**નિયામકોઃ**

તા. ૧૮મી ડિસેમ્બર, ૨૦૧૨ ના રોજ યોજવામાં આવેલ છેલ્લી વાર્ષિક સાધારણ સભાની તારીખથી, શ્રીમતી શાહમીના હુસૈન, આઇએએસ, જેઓએ તા. ૪થી માર્ચ, ૨૦૧૩ ની અસરથી બોર્ડમાંથી રાજીનામું આપેલ અને જીયુવીએનએલ દ્વારા તા. ૭ મે, ૨૦૧૩ ની અસરથી તેઓની પુનઃનિમણુંક/નિયુક્તિ કરવામાં આવેલ તે સિવાય વહીવટી નિયામકોના મંડળમાં કોઇ જ ફેરફાર નથી.

તા. ૨૩મી ઓગષ્ટ, ૨૦૧૧ ના રોજ સુધારેલ કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશન મુજબ, કોઇપણ નિયામકે ક્રમાનુસાર નિવૃત થવાની આવશ્યકતા નથી.

**નિયામકોની જવાબદારી અંગેનું નિવેદનઃ**

કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૨૧૭ (૨-અઅ) ની જોગવાઇઓને સુસંગત, નિયામકો નીચેની બાબતો અંગે બહાલી આપે છેઃ

(૧) વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં લાગુ પડતા હિસાબી ધોરણો અનુસરવાની સાથે સામગ્રીની જો કોઇ જાવક હોય તો, તે અંગે યોગ્ય ખુલાસો આપવામાં આવ્યો છે;

(૨) હિસાબી નીતિઓની પસંદગી કરીને સાતત્યપૂર્ણ રીતે લાગુ કરવામાં આવી છે તેમ જ તા. ૩૧મી માર્ચ ૨૦૧૩ ના રોજ કંપનીની સ્થિતિ અને તે જ તારીખ પૂરા થતા વર્ષ માટે કંપનીના નફા અંગેની સાચી અને વ્યાજબી જાણકારી આપવાના આશયથી, તાર્કિક અને વ્યવહારૂ ગણાય એવા નિર્ણયો અને અંદાજો આપવામાં આવ્યા છે;

(૩) કંપનીધારા, ૧૯૫૬ ની જોગવાઇઓને સુસંગત કંપનીની અસ્કયામતોની સુરક્ષા માટે તેમ જ છેતરપિંડી અને અન્ય અનિયમિતતાઓ અટકાવવા માટે પર્યાપ્ય હિસાબી નોંધો રાખવા માટે યોગ્ય તથા પર્યાપ્ત કાળજી લેવામાં આવી છે; અને

(૪) સંસ્થા ચાલુ એકમ છે એ આધારે વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં આવ્યા છે.

**ઓડિટ કમિટીઃ**

કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૨૯૨-એ ને સુસંગત, આપની કંપનીએ અહેવાલની તારીખે નીચે મુજબ બોર્ડની ઓડિટ કમિટીની રચના કરી છે.

| | | |
|---|---|---|
| પ્રો. અજય પાંડે | — | અધ્યક્ષ |
| પ્રો. (ડો) બી.એ. પ્રજાપતી | — | સભ્ય |
| શ્રી કે.એમ. શ્રીંગારપુરે | — | સભ્ય |
| શ્રી સી.જે. મેકવાન | — | સભ્ય |

વહીવટી નિયામક વિશેષ નિમંત્રિત તરીકે ઉપસ્થિત રહેશે.

**સ્પષ્ટીકરણઃ**

**(અ) કર્મચારીઓની વિગતોઃ**

કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૨૧૭ (૨અ) ની જોગવાઇઓને સુધારા સહિતના કંપનીના (કર્મચારીઓની વિગતો) નિયમો, ૧૯૭૫ સાથે વંચાણે લેતાં, વર્ષ દરમિયાન, સદર જોગવાઇઓ અંતર્ગત મુકરર કરવામાં આવેલ પગાર ધોરણથી વધારે પગાર મેળવતો કોઇ જ કર્મચારી નહોતો.

**(બ) વીજ સરંક્ષણ અને પ્રૌદ્યોગિકી સ્વીકૃતિઃ**

કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૨૧૭ (૧)(ઇ) ને કંપની (બોર્ડના નિયામકોના અહેવાલમાં વિગતોના પ્રગટીકરણ) નિયમો, ૧૯૮૮ સાથે વંચાણે લેતાં, વીજ સંરક્ષણ, પ્રૌદ્યોગિકી સ્વીકૃતિ વિષયક માહિતી આ અહેવાલના પરિશિષ્ટ-૧ માં આપવામાં આવી છે જે આ અહેવાલનો હિસ્સો છે.

**(ક) વિદેશી હુંડિયામણ આવક અને જાવકઃ**

સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન, વિદેશી હુંડિયામણ પેટે યુએસ ડોલર ૭૭,૪૯૬ ₹ ૪૩.૪૫ લાખ) ની આવક થઇ હતી.

**ૠણ સ્વીકાર**

આપના નિયામકો તમામ સ્તરના કર્મચારીઓનો તેઓએ દાખવેલ સમજદારી અને સહયોગ બદલ ૠણ સ્વીકાર કરે છે. તમામ કર્મચારીઓ, જેઓના શ્રેષ્ઠ વ્યાવસાયિક અભિગમ, પ્રતિબધ્ધતા અને પહેલવૃતિને કારણે સંસ્થાનો વિકાસ અને સફળતા શકય બની છે તથા સંસ્થા પ્રગતિ કરી રહી છે તે બદલ નિયામકો ઊંડી કૃતજ્ઞતાની લાગણી વ્યકત કરે છે. નિયામકો ભારત સરકાર (વીજ મંત્રાલય સહિત), ગુજરાત સરકાર (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ સહિત), ધારક કંપની ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ, ગુજરાત રાજ્ય વીજ નિયમન પંચ, જેડા, નાણાંકીય સંસ્થાઓ, બેંકો, ગ્રાહકો, વિતરકો અને અન્ય વ્યાવસાયિક સહયોગીઓનો તેઓ તરફથી સાંપડેલ સતત સહયોગ, સહકાર અને સાથ બદલ આભારની લાગણી સહ નોંધ લે છે. આપના નિયામકો ગ્રાહકો, વિક્રેતાઓ, બેંકો, ભારત સ્થિત નિયમન અને સરકારી સંસ્થાનો તથા તેઓના શેરધારકો તરફથી સાંપડેલ સહકાર અને મદદ બદલ પણ આભારી છે. કંપની કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઇન્ડિયા, આંતરિક, વૈધાનિક તથા કોસ્ટ ઓડિટરો અને પરામર્શકારો અને સલાહકારોનો તેઓનાં સૂચનો અને સહકાર બદલ પણ આભારી છે.

બોર્ડ વતી

વી.એન. માયરા, આઇએએસ (નિવૃત્ત)
અધ્યક્ષ

તારીખઃ ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૩
સ્થળઃ અમદાવાદ

## નિયામકોનો અહેવાલને સંલગ્ન પરિશિષ્ટ

**કંપની (બોર્ડના નિયામકોના અહેવાલમાં પ્રગટીકરણ) નિયમો, ૧૯૮૮ અંતર્ગત આવશ્યક વિગતો**

**અ. વીજ સરંક્ષણઃ**

**(અ) વીજ સંરક્ષણ અંગે લેવાયેલ પગલાંઃ**

- વધુ વીજ ખાધ કરતાં ફીડરોની જાણકારી મેળવવામાં આવી છે, તકનીકી ખાધ ઘટાડવા પેટા-વિભાગીય કચેરી સ્તર સુધી ઘનિષ્ટ નિયંત્રણ કરવામાં આવી રહયું છે તથા વધુ વીજ ખાધ ધરાવતા નબળા વિસ્તારોની જાણકારી મેળવવા પ્રણાલીઓ પરના સારા નિયમન માટે પ્રત્યાવર્તી ઊપકરણ કેન્દ્રો પર મીટરો પૂરાં પાડવામાં આવ્યાં છે.
- વીજરેષાઓ તથા સરંજામની નિયમિત અને સમયાંતરે નિભાવ કામગીરી.
- શહેરી, ઔદ્યોગિક તથા જયોતિગ્રામ ફીડરો પર તકનીકી ખાધમાં ઘટાડા માટે ૪-સ્ટાર મૂલ્યાંકન ધરાવતાં ૨૩૪૫ (અગાઉના વર્ષે ૧૨૬૧) પ્રત્યાવર્તી ઊપકરણો પૂરાં પાડવામાં આવ્યાં છે. વધુમાં, માત્ર સ્ટાર-મૂલ્યાંકન ધરાવતાં પ્રત્યાવર્તી ઊપકરણો ખરીદવામાં આવી રહયાં છે.

**(બ) વીજ વપરાશમાં ઘટાડા માટે જો કોઈ વધારાનું રોકાણ કે દરખાસ્ત હોય તોઃ**

- વીજળીની ચોરી થવાની સંભાવના ધરાવતા વિસ્તારમાં સીધા હૂક લગાવીને કરવામાં આવતી વીજ ચોરી ઘટાડવા ખુલ્લા વીજ વાહકોના સ્થાને એરિયલ બન્ચ વીજ વાહકો લગાડવામાં આવ્યાં છે.
- વીજ સંરક્ષણ બાબતે ગ્રાહકોમાં સામુદાયિક જાગૃતિ.

  અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળા દરમિયાન, વીજ સંરક્ષણ બાબતે વિશેષ માહિતી આપતા સ્ટોલ્સ, સલામતી અંગેના માપદંડો અને લઘુ ટપક પધ્ધતિથી સિંચાઈની ઝૂંબેશ ચલાવવામાં આવી હતી. ચોપાનિયાંઓ, પોસ્ટર્સ, બેનર્સનું છાપકામ, વીજ સંરક્ષણ તથા સલામતી બાબતે એફએમ રેડિયો પર સંદેશાનું પ્રસારણ અને વીજ બચત સંદેશાઓ/સૂત્રો વગેરેનો સમાવેશ કરતા સંદેશાઓ સહિતની મુદ્રણ માધ્યમોમાં જાહેરાત પણ સમયાંતરે આપવામાં આવે છે.

**પ્રાયોગિક ધોરણે ચાલતી પરિયોજનાઃ**

૧. મોડેમ સહિત વિશેષ પ્રકારનાં મીટરો પુરાં પાડવા દ્વારા ખેતીવાડીના પમ્પસેટની કાર્યક્ષમતાના નિયંત્રણની પ્રણાલી સ્થાપનની "સંસાધનોના ટકાઉપણા દ્વારા ખેડૂતોની આવકની સ્થિરતા અથવા વૃધ્ધિ અંગેની પધ્ધતિઓની સંરચના" હેઠળની પ્રાયોગિક ધોરણે ચાલતી પરિયોજના કોલંબિયા યુનિવર્સિટીના પરામર્શ સાથે અમલીકરણના તબકકામાં છે.

૨. માંગ તરફી વ્યવસ્થાપન યોજનાની તૈયારી માટે, સલાકહાર દ્વારા અહેવાલ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

**(ક) ઉકત (અ), (બ) અને (ક) માં નિર્દિષ્ટ પગલાંઓની વીજ વપરાશમાં ઘટાડો તથા ઉત્પાદન ખર્ચમાં પછીથી નિપજતી અસર**

- વોલ્ટેજ સ્તરમાં સુધારણા, કેડબલ્યુએચ તથા અધિકતમ માંગમાં બચત. વિતરણ અને વહનમાં ઘટાડો.

**બ. પ્રૌદ્યોગિકી સ્વીકૃતિઃ**

ફોર્મ-બ મુજબ, પ્રૌદ્યોગિકી સ્વીકૃતિ માટે પ્રયાસ કરવામાં આવ્યા છે.

## ફોર્મ-બ

**(પ્રૌદ્યોગિકી સ્વીકૃતિ બાબતે વિગતોનું પ્રગટીકરણ)**

**૧. સંશોધન અને વિકાસ (આરએન્ડડી)**

**૧. કંપની દ્વારા કરવામાં આવેલ સંશોધન અને વિકાસના નિશ્ચિત વિસ્તારોઃ**

- એચટી ગ્રાહકોની એએમઆર એમડી રિ-સેટ તારીખને પ્રતિ મહિનાની ૧૫મી તારીખે ૦૦.૦૦ કલાક પર સ્થાયી કરવામાં આવી છે.
- તમામ ચાર વર્તુળ કચેરીઓ માટે પ્રત્યાવર્તી ઊપકરણોની ખાધના માપન માટે વીજ વિશ્લેષકની ખરીદી કરવામાં આવી છે.
- વિશેષ સંરચના ધરાવતાં પ્રત્યાવર્તી ઊપકરણોનું નવીનીકરણ કરવામાં આવી રહયું છે અને “પ્રાયોગિક ધોરણનાં અત્યાધુનિક પ્રત્યાવર્તી ઊપકરણો” નામ હેઠળ સેવામાં મૂકવામાં આવી રહયાં છે.
- સામગ્રીની ગુણવત્તા માટે, ઈલેકટ્રીકલ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસોસિએશનના સહયોગમાં નારોલ આરએસઓ ખાતે સામગ્રી ચકાસણી પ્રયોગશાળા સ્થાપવામાં આવી છે.

**૨. ઉકત સંશોધન અને વિકાસના પરિણામસ્વરૂપ મેળવલા ફાયદાઓઃ**

- એચટી અને ઈએચટી પ્રકારના ગ્રાહકો પાસેથી આવકનું સમયસર ઉર્પાજન.
- પ્રવહન અને વિતરણ ખાધમાં પ્રત્યાવર્તી ઊપકરણોની વીજ ખાધ મહત્વનો ભાગ ભજવતી નથી. વીજ વિશ્લેષકની સહાયથી, ગુણવત્તાયુકત ખરીદી માટે ડીટીસીના કોઇ જ વીજ ખાધ નથી એવું માપન કરવું શક્ય બન્યું છે.
- “પ્રાયોગિક ધોરણનાં અત્યાધુનિક પ્રત્યાવર્તી ઊપકરણો” ના ઉપયોગ થકી, વધુ સંખ્યામાં ફાર્મહાઉસનું વીજકરણ કરવામાં આવી રહયું છે.
- સામગીની ગુણવત્તા બાબતે ઘનિષ્ટ નિયંત્રણ.

**૩. ભાવિ પગલાંની યોજનાઃ**

- આર.એપીડીઆરપી હેઠળ, નરોડા પેટા-વિભાગીય કચેરી અને ડીસા વિભાગીય કચેરી ખાતે સ્માર્ટ ગ્રીડ પરિયોજનાનું અમલીકરણ.
- આર.એપીડીઆરપી હેઠળ, અમદાવાદમાં વીજ વિતરણ નેટવર્ક માટે સ્કાડાનું અમલીકરણ.
- ૨૭૦ કેવીએ ક્ષમતા ઉપરાંતનો વીજભાર પૂરો પાડવા, બોલ પરિયોજના ખાતે નવવિકસિત જીઆઈડીસીમાં ભૂમિગત માળખાકીય સુવિધાનો વિકાસ.

**૨. પ્રૌદ્યોગિકી સ્વીકૃતિ, અનુકુલન અને આધુનિકીકરણ**

**૧. પ્રૌદ્યોગિકી સ્વીકૃતિ, અનુકુલન અને આધુનિકીકરણ માટે કરવામાં આવેલ પ્રયાસોની સંક્ષિપ્ત વિગત**

- વાણિજિયક ખાધના વિસ્તારો સુનિશ્ચિત કરવા વેબ આધારિત કોમ્પ્યુટર સંચાલિત ગ્રાહક નિયંત્રણ કાર્યક્રમની રજૂઆત.
- વેબ આધારિત કોમ્પ્યુટર સંચાલિત ફરિયાદ વ્યવસ્થાપનની સવલત.
- કંપનીના કાર્યક્ષેત્ર હેઠળના ગ્રામ્ય વિસ્તારોમાં ૩૩૭૦ ગામડાંઓમાં ઈ-ગ્રામ યોજના અંતર્ગત, બીલ એકત્રીકરણની કામગીરી તથા આવક સંચયની કામગીરી સારું કોઈપણ સમયે ચુકવણી માટેનાં આઠ યંત્રોના સ્થાપનની કામગીરી પૂરી કરવામાં આવી છે.
- બોપલ અને ચાંદખેડા પેટા-વિભાગીય કચેરીઓ તેમ જ જાણીતા યાત્રાધામ અંબાજી ખાતે ભૂમિગત એચટી નેટવર્ક પુરું પાડવામાં આવી રહયું છે.
- ફોટા બીલીગ પ્રણાલીનો આરંભ કરવામાં આવ્યો છે અને ચિલોડા પેટા-વિભાગીય કચેરી ખાતે તેનું સફળતાપૂર્વક અમલીકરણ કરવામાં આવી રહયું છે.
- ડીએસએમ અને સુરક્ષા માપદંડોના અમલીકરણ માટે ડીએસએમ સેલ અને સુરક્ષા સેલની રચના.

**૨. ઉક્ત પ્રયાસોના કારણે મળેલા ફાયદાઓઃ**

- મીટરીગ, બીલીગ પ્રક્રિયામાં સુધારણા અને ઓન-લાઇન નિયંત્રણ દ્વારા વીજભાર મોજણી તથા માહિતીની ત્વરિત ઉપલબ્ધિનાં સુધારાત્મક પગલાંઓ સુનિશ્ચિત કરવા થકી વહન અને વિતરણ ખાધમાં ઘટાડો.
- તકેદારી પ્રવૃતિ થકી સુધારાત્મક પગલાંઓ વડે વહન અને વિતરણ ખાધમાં ઘટાડો.
- ગ્રાહક સંબંધી તમામ સમસ્યાઓ માટે એક જ સ્થળ.
- બીલ ચુકવણી માટે ગ્રાહકની સવલત વધારવી અને આમ ગ્રાહકના બાકી ચુકવણમાં ઘટાડો.
- ભૂમિગત નેટવર્કના કારણે એચટી વીજરેષા ખાધમાં ઘટાડો.
- કર્મચારીઓ વચ્ચે સલામતી અંગે જાગૃતિ.

**૩. આયાતી પ્રૌદ્યોગિકી સંબંધી (નાણાંકીય વર્ષના આરંભથી ગણતરી કરી, છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન આયાત કરવામાં આવેલ), નીચેની વિગત આપવામાં આવે છેઃ લાગુ પડતું નથી.**

બોર્ડ વતી

વી.એન. માયરા, આઇએએસ (નિવૃત્ત)
અધ્યક્ષ

તારીખઃ ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૩
સ્થળઃ અમદાવાદ

**ઉત્તર ગુજરાત વીજ કંપનીના તા. ૩૧મી માર્ચ ૨૦૧૩ ના રોજ પૂરા થતા વર્ષ માટેના હિસાબો પર કંપનીધારા, ૧૯૫૬ની કલમ-૬૧૯ (૪) અન્વયે કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયાની ટિપ્પણીઓ**

==================================================

કંપનીધારા, ૧૯૫૬ હેઠળ મુકરર કરવામાં આવેલ નાણાંકીય અહેવાલ માળખાને સુસંગત, ઉત્તર ગુજરાત વીજ કંપનીના તા. ૩૧મી માર્ચ ૨૦૧૩ ના રોજ પૂરા થતા વર્ષ માટેના નાણાંકીય પત્રકો તૈયાર કરવાની જવાબદારી કંપનીના સંચાલકોની છે. કંપનીધારા, ૧૯૫૬ની કલમ-૬૧૯(૨) હેઠળ કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા ધ્વારા નિયુક્ત કરવામાં આવેલ અધિકૃત ઓડિટરો, તેઓની વ્યાવસાયિક સંસ્થા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા ધ્વારા મુકરર કરવામાં આવેલ હિસાબ ચકાસણી તથા બાહેંધરી ધારાધોરણોને સુસંગત સ્વતંત્ર હિસાબ ચકાસણીના આધારે, કંપનીધારા, ૧૯૫૬ની કલમ-૨૨૭ હેઠળ આ નાણાંકીય પત્રકો પર તેઓના અભિપ્રાયો આપવા માટે જવાબદાર છે. ઓડિટરો ધ્વારા તેઓના તા. ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૩ ના હિસાબ ચકાસણી અહેવાલમાં આ કામગીરી કરી હોવાનું જણાવવામાં આવેલ છે.

કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા વતી, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના તા. ૩૧મી માર્ચ, ૨૦૧૩ ના રોજ પૂરા થતા વર્ષ માટેના નાણાંકીય પત્રકોની, કંપનીધારા, ૧૯૫૬ની કલમ-૬૧૯(૩)(બ) હેઠળ, મેં હિસાબોની પુરક ચકાસણી હાથ ધરી છે. આ વધારાની ચકાસણી, અધિકૃત ઓડિટર ધ્વારા તૈયાર કરવામાં આવેલા દસ્તાવેજી કાગળોના અભ્યાસ સિવાય, સ્વતંત્રપણે કરવામાં આવી છે અને પ્રાથમિક રીતે અધિકૃત ઓડિટર તથા કંપનીના કર્મચારીઓની તપાસણી અને કેટલીક પસંદ કરવામાં આવેલ હિસાબી નોંધવહીઓની તપાસ પૂરતી સીમિત છે. મારા ઓડિટના આધારે મારા ધ્યાનમાં એવી કોઇ મહત્વની બાબત જોવા મળી નથી, જેના કારણે, કંપનીધારા, ૧૯૫૬ની કલમ-૬૧૯(૪) હેઠળ તૈયાર કરવામાં આવેલ અધિકૃત ઓડિટરના અહેવાલ પર અથવા આ અહેવાલની પુરવણીરૂપે કોઇ ટિપ્પણી થાય.

**ધી કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા વતી**

**(એચ.કે. ધર્મદર્શી)**
**એકાઉન્ટન્ટ જનરલ**
**(ઇ એન્ડ આરએસએ), ગુજરાત**

**સ્થળ: અમદાવાદ**
**તારીખ: ૦૬.૦૧.૨૦૧૪**

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણાના શેરધારકો માટેનો તા. ૩૧ મી માર્ચ, ૨૦૧૩ ના રોજ પૂરા થતા વર્ષ માટેનો સ્વતંત્ર ઓડિટરનો અહેવાલ

પ્રતિ,

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણા ના સભાસદો જોગ**

### નાણાંકીય પત્રકો પરનો અહેવાલ

અમોએ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના બીડાણ કરવામાં નાણાંકીય પત્રકોનું ઓડિટ કર્યુ છે, જેમાં તા. માર્ચ ૩૧, ૨૦૧૩ ના રોજનું પાકું સરવૈયું, નફા-નુકસાન ખાતું અને તે તારીખે પૂરા થતા વર્ષ માટેના રોકડ પ્રવાહ પત્રકોની, અને મહત્વની હિસાબી નીતિઓનો સારાંશ અને અન્ય ખુલાસાદર્શક માહિતીનું ઓડિટ કરેલ છે.

### નાણાંકીય પત્રકો અંગે સંચાલકોની જવાબદારી

સંચાલકો આ નાણાંકીય પત્રકો તૈયાર કરવા જવાબદાર છે, જે નાણાંકીય પત્રકો કંપની ધારા, ૧૯૫૬ ("અધિનિયમ") ની કલમ-૨૧૧ ની પેટા કલમ (૩-ક) ને સુસંગત કંપનીની નાણાંકીય સ્થિતિ, નાણાંકીય કામગીરી અને રોકડ પ્રવાહનું સાચું અને વાજબી ચિત્ર રજૂ કરે. આ જવાબદારીમાં સાચું અને વાજબી ચિત્ર રજૂ કરતા નાણાંકીય પત્રકોની તૈયારી અને નિદર્શનને સુસંગત આંતરિક નિયમન પ્રણાલીની રચના, અમલીકરણ અને તેના નિભાવનો સમાવેશ થાય છે તેમ જ આ નિવેદનો ભૌતિક રીતની ખોટી રજૂઆત, પછી એ છેતરપિંડી કે ભૂલને કારણે હોય, તેનાથી મુકત છે.

### ઓડિટરની જવાબદારી

અમારા ઓડિટના આધારે, આ નાણાંકીય પત્રકો પર અમારો અભિપ્રાય આપવાની અમારી જવાબદારી છે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઇન્ડિયા દ્વારા જારી કરવામાં આવેલ ઓડિટને લગતી કામગીરીના ધારાધોરણોને સુસંગત અમોએ અમારા ઓડિટની કામગીરી કરી છે. આ ધારાધોરણોની આવશ્યકતા એ છે કે અમે નૈતિક આવશ્યકતાઓની પૂર્તિ કરીએ તેમ જ નાણાંકીય પત્રકો ભૌતિક એવી ગેરરજૂઆતોથી મુકત છે કે નહિ તે અંગે વાજબી ખાતરી મેળવવા ઓડિટની કામગીરીનું આયોજન કરીને તે મુજબ કામગીરી કરીએ.

ઓડિટમાં નાણાંકીય પત્રકોમાં નિર્દિષ્ટ રકમો અને સ્પષ્ટીકરણો અંગે ઓડિટને લગતા પુરાવા મેળવવા ઓડિટની કામગીરીની પધ્ધતિઓનો સમાવેશ થાય છે. પસંદ કરવામાં આવેલી પધ્ધતિઓ, છેતરપિંડી કે ભૂલના કારણે નાણાંકીય પત્રકોમાં કરવામાં આવેલી ભૌતિક ગેરરજૂઆતના જોખમોની આકારણી સહિત ઓડિટરના નિર્ણય પર અવલંબિત છે. આ જોખમોનું મૂલ્યાંકન કરવા માટે, ઓડિટર, જે તે સંજોગોમાં યોગ્ય ઠરે એવી પધ્ધતિઓ ઘડવાના હેતુસર, નાણાંકીય પત્રકો તૈયાર કરવા માટે કંપનીની તૈયારી અને વાજબી રજૂઆતને સુસંગત આંતરિક નિયમન પ્રણાલીને લક્ષમાં લે છે. ઓડિટ કામગીરીમાં ઉપયોગમાં લેવામાં આવતી હિસાબી નીતિઓની યર્થાથતા તેમ જ સંચાલકો દ્વારા કરવામાં આવેલા હિસાબી અંદાજોના વાજબીપણા, તેમ જ નાણાંકીય પત્રકોની સમગ્રતયા રજૂઆતના મૂલ્યાંકનનો પણ સમાવેશ થાય છે.

અમે માનીએ છીએ કે અમારા ઓડિટના અભિપ્રાયનો આધાર પુરો પાડવા અમે મેળવેલ ઓડિટના પુરાવા પર્યાપ્ત છે અને યોગ્ય છે.

**ગુણવત્તાયુક્ત અભિપ્રાયનો આધાર**

૧. વર્ષ દરમિયાન, કંપનીએ વીજ સરંક્ષણ માટેના રૂા.૯૪૯.૬૮ લાખના અનુદાનની રકમને અન્ય આવકના મથાળા હેઠળ-વીજ માટેનું અનુદાન, જેને અગાઉના વર્ષોમાં મૂડીગત અનુદાન તરીકે ખતવવામાં આવ્યું હતું- તેને નફા-નુકસાન ખાતે તબદીલ કર્યું હતું.

૨. વર્ષ દરમિયાન, કંપનીએ રૂા.૧૯૧૯.૪૮ લાખના પરત કરવાપાત્ર સરકારી અનુદાનની રકમને અન્ય આવકના મથાળા હેઠળ (અગાઉના સમયની આવક/નફો), જેને અગાઉના વર્ષોમાં ચાલુ જવાબદારીઓ/મૂડીગત અનુદાન તરીકે ખતવવામાં આવ્યું હતું-તેને નફા-નુકસાન ખાતે તબદીલ કર્યું હતું.

આ રીતે, કંપનીના નફામાં રૂા. ૨૮૬૯.૧૬ લાખનો વધારો અને જવાબદારીઓમાં રૂા. ૨૮૬૯.૧૬ લાખનો ઘટાડો થયો હતો.

**વિષય પ્રાધાન્યતા**

અમે નીચેની બાબતો તરફ ધ્યાન દોરીએ છીએઃ

નોંધ ક્રમાંક-૧ઃ મહત્વની હિસાબી નીતિઓઃ

૧. પરિચ્છેદ-ક માં નિર્દિષ્ટ, ગ્રાહકના ફાળા અને મૂડીગત અનુદાન/આર્થિક સહાયની વર્ષાંતે સિલકની ૧૦% રકમ જે નફા-નુકસાન ખાતે તબદીલ કરવામાં આવી છે તે ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઇન્ડિયા દ્વારા જારી કરવામાં આવેલ હિસાબી ધોરણ-૧૨ ને સુસંગત નથી.

૨. હિસાબી નીતિના પરિચ્છેદ-મ માં કરવામાં આવેલ ફેરફાર ઉપયોગમાં લેવાને તૈયાર છે અને ઉપયોગમાં મૂકવામાં આવેલ છે.

અસ્કયામતો, જવાબદારીઓ અને નફો/નુકસાનના કરવામાં આવેલ ઉપરોક્ત નીરિક્ષણની નીપજતી અસર અનિશ્ચિત છે, અને તેથી તેનું પરિમાણ અંદાજવામાં આવ્યું નથી.

**અભિપ્રાય**

અમારા અભિપ્રાય અને અમારી શ્રેષ્ઠ જાણકારી તથા અમોને આપવામાં આવેલ ખુલાસા અનુસાર, ગુણવત્તાયુક્ત અભિપ્રાયનો આધાર અને વિષય પ્રાધાન્યતાના પરિચ્છેદમાં વર્ણવવામાં આવેલ બાબત સિવાય, નાણાંકીય નિવેદનો કંપનીધારા, ૧૯૫૬ અંતર્ગત જરૂરી આવશ્યકતા અનુસાર માહિતી પુરી પાડવા સાથે ભારતમાં સાધારણ રીતે સ્વીકૃત હિસાબી સિધ્ધાંતો અનુસાર સાચું અને વાજબી ચિત્ર રજૂ કરે છે.

(અ) માર્ચ ૩૧, ૨૦૧૩ ના રોજના પાકા સરવૈયા, કંપનીની સ્થિતિ અંગે.

(બ) નફા-નુકસાન ખાતામાં નિર્દિષ્ટ તે તારીખે પૂરા થતા વર્ષ માટેના નફા/નુકસાન અંગે તેમ જ;

(ક) રોકડ પ્રવાહ પત્રકમાં નિર્દિષ્ટ તે તારીખે પૂરા થતા વર્ષ માટેના રોકડ પ્રવાહ અંગે.

**અન્ય કાનુની અને વૈધાનિક આવશ્યકતાઓ અંગે અહેવાલ**

૧. કંપનીનું સંચાલન વીજ ધારા, ૨૦૦૩ અને તે અંતર્ગત જારી કરવામાં આવેલ નીતિ-નિયમોને કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૬૧૬ (ક) સાથે વંચાણે લેતાં કરવામાં આવે છે, જે વીજ અધિનિયમ જેવા વિશેષ ધારાની જોગવાઈ પુરી પાડે છે, જે અંતર્ગત આ વિશેષ ધારો, કંપનીધારાની જોગવાઈઓ એ વિશેષ ધારાઓની જોગવાઈઓ સાથે સુસંગત ના હોય તેટલી માત્રામાં લાગુ પડશે. આમ, કંપનીના વર્ષ ૨૦૧૨-૧૩ માટેના નાણાંકીય પત્રકોની પરિપૂર્તિ કરવામાં આવી છે અને તે અંગે અહેવાલ આપવામાં આવ્યો છે.

૨. કંપની અધિનિયમની કલમ-૨૨૭ ની પેટા કલમ (૪એ) અન્વયે ભારત સરકાર દ્વારા બહાર પડાયેલા કંપની (ઓડિટરના અહેવાલ) ઓર્ડર ૨૦૦૩ ("આદેશ") કે જેમાં સુધારો કર્યા બાદ, કંપની (ઓડિટરના અહેવાલ) (સુધારા) આદેશ, ૨૦૦૪ દ્વારા આવશ્યક પરિપૂર્તિરૂપે, અમે ઉક્ત આદેશના પરિચ્છેદ ૪ અને ૫ માં નિર્દિષ્ટ બાબતો વિશે આ સાથે સામેલ પરિશિષ્ટમાં નિવેદન આપીએ છીએ.

૩. અધિનિયમની કલમ-૨૨૭ (૩) હેઠળ આવશ્યક, અમે એવો અહેવાલ આપીએ છીએ કે:

એ) અમારી જાણ અને માન્યતા પ્રમાણે, ઓડિટના હેતુ માટે જરુરી હોય તેવી તમામ માહિતી અને સ્પષ્ટતાઓ અમે મેળવેલ છે.

બી) અમારા અભિપ્રાય મુજબ, હિસાબી ચોપડા તપાસતાં જણાય છે કે કંપની દ્વારા કાયદા મુજબ જરુરી એવા તમામ હિસાબી ચોપડાઓ યોગ્ય રીતે રાખવામાં આવ્યા છે.

સી) આ અહેવાલમાં નિર્દિષ્ટ સરવૈયું, નફા-નુકસાનનો હિસાબ તેમજ રોકડ પ્રવાહપત્રક, હિસાબી ચોપડાઓ સાથે સુસંગત છે.

ડી) ગુણવત્તાયુક્ત અભિપ્રાયનો આધાર અને વિષય પ્રાધાન્યતાના પરિચ્છેદમાં વર્ણવવામાં આવેલ બાબત સિવાય, અમારા અભિપ્રાયમાં, પાકું સરવૈયું, નફા-નુકસાન ખાતું અને રોકડ પ્રવાહ પત્રક કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૨૨૧ ની પેટા કલમ-(૩ક) માં નિર્દિષ્ટ હિસાબી ધોરણો સાથે સુસંગત છે.

ઈ) ભારત સરકારના કંપનીઓની બાબતોના મંત્રાલય દ્વારા તા. ૨૧ મી ઓકટોબર, ૨૦૦૩ ના રોજ જારી કરવામાં આવેલ જાહેરનામા ક્રમાંક જીએસઆર:૮૨૯ (ઈ) અનુસાર કંપની એ સરકારી કંપની હોઈ, કંપની અધિનિયમ ૧૯૫૬ ની કલમ-૨૭૪ ની પેટા કલમ-૧ ની કલમ (જી) ની જોગવાઈઓ કંપનીને લાગુ પડતી નથી.

**એસ.સી. અજમેરા એન્ડ કંપની વતી,**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
(એફ.આર. ક્રમાંક. ૦૦૨૯૦૮ સી)

અરૂણ સરૂપ્રિયા-ભાગીદાર
સભ્ય ક્રમાંક-૦૭૮૩૯૮

સ્થળ: ઉદેપુર
તા. ૧૮.૦૯.૨૦૧૩

**તા. ૩૧મી માર્ચ, ૨૦૧૩ ના રોજ પૂરા થતા વર્ષના ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણા ના હિસાબો પરના અમારા સમાન તારીખના અહેવાલના "કાનુની અને અન્ય વૈધાનિક આવશ્યકતાઓ"ના મથાળા હેઠળના પરિચ્છેદ-૪ માં નિર્દિષ્ટ સ્વતંત્ર ઓડિટરના અહેવાલનું પરિશિષ્ટ**

૧. અ) કંપનીએ સ્થાયી અસ્કયામતોની સ્થિતિ તેમ જ જથ્થાકીય વિગતો સહિતની સંપૂર્ણ વિગતોનો નિર્દેશ કરતી યોગ્ય નોંધવહી જાળવી છે.

બ) વર્ષ દરમિયાન વ્યવસ્થાપકો દ્વારા ચકાસણીના નિયતકાલીન કાર્યક્રમ અંતર્ગત ભૂમિગત હોય તે સિવાયની સ્થાયી અસ્કયામતોની ભૌતિક ચકાસણી હાથ ધરવામાં આવી હતી, જે અમારા અભિપ્રાય મુજબ, વ્યાજબી સમયાંતરે તમામ સ્થાયી અસ્કયામતોની ભૌતિક ચકાસણીની જોગવાઇ પુરી પાડે છે. અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસા મુજબ, આ પ્રકારની ભૌતિક ચકાસણી દરમિયાન, મહત્વની ગણાય તેવી કોઇ ક્ષતિઓ જોવા મળી નહોતી.

ક) વર્ષ દરમિયાન, કંપનીની સ્થાયી અસ્કયામતોના મહદ્ અંશના કોઇ જ હિસ્સાનો નિકાલ કરવામાં આવ્યો નથી અને કંપનીના કાર્યરત એકમ હોવાની સ્થિતિ પર કોઇ અસર થઇ નથી.

૨. અ) અમોને આપવામાં આવેલ ખુલાસા મુજબ, વાજબી સમયાંતરે વ્યવસ્થાપકો દ્વારા સામગ્રીની ભૌતિક ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

બ) અમારા અભિપ્રાય તથા અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસા મુજબ, વ્યવસ્થાપકો દ્વારા માલસામગ્રીના જથ્થાની ભૌતિક ચકાસણી અંગેની કંપની દ્વારા અનુસરવામાં આવતી પ્રક્રિયા, કંપનીના કદ અને તેના ધંધાના પ્રકારના સંબંધમાં વ્યાજબી તેમ જ પર્યાપ્ત છે.

ક) અમારા અભિપ્રાય અને અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસા અનુસાર, ભૌતિક ચકાસણી દરમિયાન, માલના ભૌતિક જથ્થા અને હિસાબી ચોપડાઓમાં નોંધ વચ્ચે જોવા મળેલી ક્ષતિઓ કંપનીના કદ અને કંપનીના વ્યવસાયના સંદર્ભમાં મહત્વની નહોતી અને આ અંગે જોગવાઇ કરવામાં આવી છે.

૩. અ) કંપનીએ કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૩૦૧ હેઠળ જાળવવામાં આવતા પત્રકમાં સમાવિષ્ટ કંપનીઓ, પેઢીઓ અથવા અન્ય કોઇ પક્ષકારોને સુરક્ષિત અથવા અસુરક્ષિત એવું કોઇ જ ધિરાણ મંજૂર કરેલ નથી. આમ, અહેવાલની કલમો-(૩) (બ), (૩) (ક) અને (૩) (ડ) લાગુ પડતી નથી.

બ) અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસા મુજબ, કંપનીએ કંપનીધારા ૧૯૫૬ ની કલમ-૩૦૧ અંતર્ગત રાખવામાં આવતા પત્રકોમાં નોંધવામાં આવેલ કંપનીઓ, પેઢીઓ અથવા અન્ય પક્ષકારો પાસેથી સુરક્ષિત કે અસુરક્ષિત એમ કોઇ જ ધિરાણ મેળવેલ નથી. આમ, અહેવાલની કલમો (૩) (ઇ), (૩) (એફ) અને (૩) (જી) લાગુ પડતી નથી.

૪. અમારા અભિપ્રાય તથા અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસા અનુસાર, માલસામગ્રીની ખરીદી અને સ્થાયી અસ્કયામતો, તેમ જ સામગ્રીના વેચાણ અને સેવાઓ સંદર્ભે, કંપનીના કદ તથા તેના વ્યવસાયને અનુરૂપ કંપની પર્યાપ્ત આંતરિક નિયંત્રણ પ્રણાલી ધરાવે છે. અમારા ઓડિટની અવધિ દરમિયાન, અમોને આંતરિક નિયંત્રણ પ્રણાલીમાં મહત્વની કોઇ જ ખામીઓ જોવા મળી નથી.

૫. અ) વ્યવસ્થાપકો દ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી તથા ખુલાસા અનુસાર, કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૩૦૧ અંતર્ગત રાખવામાં આવતા પત્રકમાં નિર્દેશ કરવો જરૂરી હોય એવા કોઇ જ કરાર અથવા યોજનાઓ નથી. આમ અહેવાલની કલમો (૫)(અ) અને (૫)(બ) લાગુ પડતી નથી.

૬. અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસા મુજબ, કલમો-૫૮ એ, ૫૮-એએ અંતર્ગત અથવા ધારાની અન્ય સુસંગત જોગવાઇઓ હેઠળ કંપનીએ જાહેર જનતા પાસેથી કોઇ જ થાપણો સ્વીકારેલ નથી.

૭. કંપનીના આંતરિક હિસાબો ચકાસવાની કામગીરી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની વ્યાવસાયિક પેઢીને સોંપવામાં આવી છે. આ પ્રણાલી કંપનીના કદ તથા ધંધાકીય પ્રકાર સાથે સુસંગત છે.

૮. કેન્દ્ર સરકારે કંપનીધારાની કલમ-૨૦૯ (૧) ની પેટા કલમ-(ડી) અંતર્ગત ખર્ચ અંગેની નોંધવહીઓ જાળવવાનું મુકરર કર્યુ છે અને અમોને આપેલ સમજૂતી મુજબ, કંપનીએ મુકરર કરવામાં આવેલ હિસાબો અને નોંધવહીઓ રાખી છે. જો કે, અમોએ આ બાબતની વિસ્તૃત ચકાસણી હાથ ધરી નથી.

૯. અ) અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસા મુજબ, કંપની પ્રોવિડન્ટ ફંડ, રોકાણકાર શૈક્ષણિક અને સુરક્ષા નિધિ, કર્મચારી રાજય વીમો, આવકવેરો, વેચાણવેરો, સંપતિવેરો, સેવાકીય વેરો, જકાત, આબકારી જકાત, ઉપકર સહિતના બિન-તકરારી વૈધાનિક ચુકવણાઓ તથા અન્ય વૈધાનિક ચુકવણાઓ યોગ્ય સત્તાધીશો પાસે જમા કરાવવામાં નિયમિત છે.

બ) અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસા મુજબ તથા કંપનીના નોંધપત્રકોના આધારે, ૩૧ મી માર્ચ ૨૦૧૩ ના રોજ ઉકત ચુકવણાઓ સંદર્ભે કોઇ જ બિનતકરારી ચુકવણાઓ તેઓ ચુકવવાપાત્ર થયાની તારીખથી છ મહિના કરતાં વધુ સમય માટે ચુકવવાનાં બાકી નહોતાં.

૧૦. ૩૧ મી માર્ચ, ૨૦૧૩ ના રોજ કંપનીની કોઇ એકત્રિત ખોટ નથી. અમારી હિસાબી તપાસણીમાં સમાવિષ્ટ નાણાંકીય વર્ષમાં અને તે અગાઉના તુરતના નાણાંકીય વર્ષમાં કંપનીએ કોઇ રોકડ ખોટ કરેલ નથી.

૧૧. અમોને પુરી પાડવામાં આવેલ માહિતી તથા ખુલાસાના આધારે, નાણાંકીય સંસ્થાઓ, બેંકો અથવા બોન્ડ ધારકોને કરવાની પરત ચુકવણીઓ પૈકીની મોટાભાગની ચુકવણીઓ કંપની વતી ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (જીયુવીએનએલ) દ્વારા કરવામાં આવેલ છે. કંપનીએ નાણાંકીય સંસ્થાઓ અથવા બેંકો અથવા બોન્ડ ધારકોને બાકી રકમની ચુકવણીઓ કરવામાં કોઇ કસુર કરેલ નથી.

૧૨. અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસાઓ મુજબ, કંપનીએ શેર, ડિબેન્ચર્સ અને અન્ય જામીનગીરીઓના સ્વરૂપે તારણ પર કોઇપણ ધિરાણો અથવા પેશગીઓ મંજૂર કરેલ નથી.

૧૩. અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસાઓ મુજબ, કંપની કોઇ ચીટ ફંડ અથવા નિધિ/પારસ્પરિક લાભ નિધિ/સોસાયટી નથી. તેથી, કંપનીને કલમ- (૧૩) ની જોગવાઇઓ લાગુ પડતી નથી.

૧૪. અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસાઓ મુજબ, કંપની શેર, જામીનગીરીઓ, ડિબેન્ચર તથા અન્ય રોકાણોની લે-વેચમાં સંકળાયેલ નથી. આમ, કંપનીને કલમ-(૧૪) ની જોગવાઇઓ લાગુ પડતી નથી.

૧૫. અમોને આપવામાં આવેલી માહિતી તથા ખુલાસાઓ મુજબ, વર્ષ દરમિયાન અન્યો દ્વારા બેંક અને નાણાંકીય સંસ્થાઓ પાસેથી મેળવવામાં આવેલ ધિરાણો પેટે કંપનીએ કોઇ જ જામીનગીરી આપી નથી.

૧૬. મુદતી ધિરાણો જે હેતુસર મેળવવામાં આવ્યાં હતાં તે હેતુસર જ તેઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૧૭. કંપનીના પાકા સરવૈયાની સમગ્રતયા તપાસણીના આધારે, અમારા અભિપ્રાય તથા અમોને આપવામાં આવેલી માહિતી તથા ખુલાસાઓ મુજબ, અમો એવો અહેવાલ આપીએ છીએ કે કંપનીએ ટૂંકાગાળા માટે મેળવેલાં ભંડોળોનો ઉપયોગ લાંબાગાળાના રોકાણો માટે કરેલ નથી.

૧૮. કંપનીએ, કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૩૦૧ અંતર્ગત રાખવામાં આવેલ પત્રકમાં સમાવિષ્ટ કોઇ જ પક્ષકારો અને કંપનીઓને પસંદગીના શેરની ફાળવણી કરી નથી. આમ, કંપનીને કલમ-૧૮ ની જોગવાઇઓ લાગુ પડતી નથી.

૧૯. કંપનીએ હિસાબી તપાસણીના વર્ષ દરમિયાન કોઇ જ ડિબેન્ચર્સ જારી કર્યા નથી. આમ, કંપનીને કલમ-૧૯ ની જોગવાઇઓ લાગુ પડતી નથી.

૨૦. કંપનીએ હિસાબી તપાસણીના વર્ષ દરમિયાન જાહેર ભરણા દ્વારા કોઇ જ નાણાં ઊભાં કર્યા નથી. આમ, કંપનીને કલમ-૨૦ ની જોગવાઇઓ લાગુ પડતી નથી.

૨૧. અમોને આપવામાં આવેલ માહિતી તથા ખુલાસાઓ મુજબ, હિસાબી તપાસણીના વર્ષ દરમિયાન કંપની ઉપર અથવા કંપની દ્વારા કોઇ જ ગેરરીતી આચરવામાં આવી હોય તેમ જણાતું નથી. જો કે, વર્ષ દરમિયાન રૂા. ૨૪.૩૨ લાખની સામગ્રીની ચોરી નોંધાઇ હતી.

એસ.સી અજમેરા એન્ડ કંપની વતી
**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ,**
**(પેઢી નોંધણી ક્રમાંકઃ ૦૦૨૯૦૮ સી)**

**અરૂણ સરૂપ્રિયા- ભાગીદાર**
**સભ્યપદ ક્રમાંક-૦૭૮૩૯૮**

**સ્થળઃ ઉદેપુર**
**તારીખઃ ૧૮.૦૯.૨૦૧૩**

## માર્ચ ૩૧, ૨૦૧૩ ના રોજનું પાકું સરવૈયું

(₹ લાખમાં)

| વિગતો | નોંધ ક્રમાંક | ૩૧ મી માર્ચ, ૨૦૧૩ ના રોજ | ૩૧ મી માર્ચ ૨૦૧૨ ના રોજ |
|---|---|---|---|
| **ઈક્વિટી અને જવાબદારીઓ** | | | |
| **(૧) શેર ધારકોનું ભંડોળ** | | | |
| (અ) શેર મૂડી | ૨ | ૨૩૭૧૪.૮૭ | ૨૩૭૧૪.૮૭ |
| (બ) અનામત અને વધારો | ૩ | ૩૮૧૬૭.૫૯ | ૩૬૮૦૪.૦૭ |
| (ક) સ્થગિત કરવામાં આવેલ સરકારી અનુદાન, આર્થિક સહાય તથા ફાળો | ૪ | ૭૨૧૨૭.૭૮ | ૬૦૧૦૧.૨૮ |
| **પેટા-સરવાળો (૧)** | | **૧૩૪૦૧૦.૨૫** | **૧૨૦૬૨૦.૨૨** |
| **(૨) શેર અરજીનાં નાણાં અનિર્ણીત ફાળવણી** | ૫ | ૧૬૮૫૦.૦૦ | ૦.૦૦ |
| **પેટા-સરવાળો (૨)** | | **૧૬૮૫૦.૦૦** | **૦.૦૦** |
| **(૨) બિન-વર્તમાન જવાબદારીઓ** | | | |
| (અ) લાંબાગાળાનાં ધિરાણ | ૬ | ૪૨૦૫૬.૭૪ | ૨૨૮૨૧.૭૮ |
| (બ) અન્ય લાંબાગાળાની જવાબદારીઓ | ૭ | ૭૭૩૭૩.૫૮ | ૬૯૬૬૩.૬૨ |
| (ક) લાંબાગાળાની જોગવાઈઓ | ૮ | ૯૬૬૩.૮૧ | ૯૨૧૫.૨૫ |
| **પેટા-સરવાળો (૩)** | | **૧૨૯૦૯૪.૧૩** | **૧૦૧૭૦૦.૬૫** |
| **(૩) ચાલુ જવાબદારીઓ** | | | |
| (અ) ટૂંકાગાળાનાં ધિરાણ | ૯ | ૭૨૦.૯૭ | ૫૪૯.૯૪ |
| (બ) ચુકવવાપાત્ર વ્યવહારો | ૧૦ | ૨૦૭૬૧.૩૭ | ૩૮૬૨૨.૪૪ |
| (ક) અન્ય ચાલુ જવાબદારીઓ | ૧૧ | ૭૧૬૨૬.૦૯ | ૬૬૮૦૪.૬૪ |
| (ડ) ટૂંકાગાળાની જોગવાઈઓ | ૧૨ | ૫૧૮.૯૬ | ૦.૯૬ |
| **પેટા-સરવાળો (૩)** | | **૯૩૬૨૭.૩૯** | **૧૦૫૯૭૭.૯૭** |
| **કુલ** | | **૩૭૩૫૮૧.૭૬** | **૩૨૮૨૯૮.૮૪** |
| **અસ્કયામતો** | | | |
| **(૧) બિન-વર્તમાન અસ્કયામતો** | | | |
| (અ) સ્થાયી અસ્કયામતો: | ૧૩ | ૨૪૭૯૮૫.૦૧ | ૨૦૮૬૬૫.૨૧ |
| વાસ્તવિક | | ૦.૦૦ | ૦.૦૦ |
| અમૂર્ત | | | |
| પ્રગતિમાં હોય તેવાં મૂડીગત કાર્યો | ૧૩ | ૩૭૧૦.૯૧ | ૨૭૬૩.૮૭ |
| (બ) વિલંબિત કર અસ્કયામતો (ચોખ્ખી) | | ૦.૦૦ | ૦.૦૦ |
| (ક) લાંબાગાળાનાં ધિરાણો અને પેશગીઓ | ૧૪ | ૯૭૯.૧૪ | ૮૯૧.૮૫ |
| (ડ) અન્ય બિન-વર્તમાન અસ્કયામતો | ૧૫ | ૬૬.૨૦ | ૫૪.૭૫ |
| **પેટા-સરવાળો (૧)** | | **૨૫૨૭૪૧.૨૬** | **૨૧૨૩૭૫.૬૯** |
| **(૨) ચાલુ અસ્કયામતો** | | | |
| (અ) સામગ્રી | ૧૬ | ૨૬૫૫૯.૯૪ | ૨૨૧૨૬.૨૭ |
| (બ) મળવાપાત્ર વ્યવહારો | ૧૭ | ૭૯૦૦૫.૨૬ | ૭૬૪૪૧.૮૮ |
| (ક) રોકડ અને રોકડ સમકક્ષ | ૧૮ | ૧૨૮૦૩.૭૩ | ૧૩૧૮૭.૩૩ |
| (ડ) ટૂંકાગાળાનાં ધિરાણો અને પેશગીઓ | ૧૯ | ૨૮૯.૭૮ | ૨૫૦૨.૪૦ |
| અન્ય ચાલુ અસ્કયામતો | ૨૦ | ૨૧૮૧.૮૦ | ૧૬૬૫.૨૮ |
| **પેટા-સરવાળો (૨)** | | **૧૨૦૮૪૦.૫૧** | **૧૧૫૯૨૩.૧૬** |
| **કુલ** | | **૩૭૩૫૮૧.૭૬** | **૩૨૮૨૯૮.૮૪** |
| **મહત્વની હિસાબી નીતિઓ અને** | ૧ થી ૪૨ | | |
| **નાણાંકીય પત્રકો પરની નોંધ** | | | |

ઉક્ત તારીખના અમારા બીડાણ કરેલ અહેવાલ મુજબ,
**એસ.સી. અજમેરા એન્ડ કંપની વતી**
**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ,**
**એફ.આર ક્રમાંક ૦૦૨૯૦૮ સી**
**(અરૂણ સરૂપિયા)**
**ભાગીદાર**
**સભ્યપદ ક્રમાંક-૦૭૮૩૯૮**

**બોર્ડ ઓફ ડાયરેકટર્સ વતી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

**વી.એન. માયરા, નિવૃત આઈએએસ**
**અધ્યક્ષ**

**એન.શ્રીવાસ્તવ, આઈએફએસ**
**વહીવટી નિયામક**

**આર.બી. કોઠારી, એસીએમએ**
**મહા પ્રબંધક (નાણાં)**

**એન.એમ. જોષી, એફસીએસ**
**કંપની સચિવ**

**સ્થળ: અમદાવાદ**
**દિનાંક: ૧૩-૦૯-૨૦૧૩**

**સ્થળ: અમદાવાદ**
**દિનાંક: ૧૩-૦૯-૨૦૧૩**

## માર્ચ ૩૧, ૨૦૧૩ના રોજ પૂરા થતા વર્ષનું નફા-નુકસાન ખાતું

(₹ લાખમાં)

| વિગતો | નોંધ ક્રમાંક | માર્ચ ૩૧, ૨૦૧૩ના રોજ પુરા થતા વર્ષ માટે | માર્ચ ૩૧, ૨૦૧૨ના રોજ પુરા થતા વર્ષ માટે |
|---|---|---|---|
| **આવક** | | | |
| કાર્ય-સંચાલનમાંથી આવક | ૨૧ | ૭૪૭૨૦૮.૪૧ | ૬૪૦૮૨૦.૨૬ |
| અન્ય આવક | ૨૨ | ૧૨૦૮૪.૭૪ | ૮૩૫૪.૦૭ |
| કુલ આવક (૧) | | ૭૫૯૨૯૩.૧૫ | ૬૪૯૧૭૪.૩૩ |
| **ખર્ચ** | | | |
| વીજ ખરીદી | ૨૩ | ૬૯૪૩૫૪.૪૪ | ૫૮૯૨૭૮.૨૮ |
| કર્મચારી કલ્યાણ વિષયક ખર્ચ | ૨૪ | ૩૧૫૯૧.૦૫ | ૨૮૮૦૩.૪૭ |
| નાણાંકીય ખર્ચ | ૨૫ | ૧૫૧૨૯.૭૭ | ૯૦૮૦.૨૭ |
| ઘસારો તથા ઋણ અંગેનો ખર્ચ | ૨૬ | ૧૪૯૭૨.૧૭ | ૧૩૩૪૮.૧૮ |
| અન્ય ખર્ચ | ૨૭ | ૧૩૩૦.૮૫ | ૭૧૭૬.૫૩ |
| કુલ ખર્ચ (૨) | | ૭૫૭૩૭૮.૨૭ | ૬૪૭૬૮૬.૭૩ |
| **અપવાદરૂપ અને અસાધારણ બાબતો તથા કર અગાઉનો નફો** | (૧)-(૨) | ૧૯૧૪.૮૭ | ૧૪૮૭.૬૦ |
| બાદ: અપવાદરૂપ બાબતો | ૨૮ | (૧૧૪..૦૪) | (૬૫.૩૯) |
| **અસાધારણ બાબતો અને કર અગાઉનો નફો** | | ૨૦૨૮.૯૧ | ૧૫૫૩.૦૦ |
| અસાધારણ બાબતો | ૨૯ | ૫૬.૮૭ | ૩૭.૯૨ |
| **કર અગાઉનો નફો** | | ૧૯૭૨.૦૪ | ૧૫૧૫.૦૮ |
| **કર ખર્ચ** | ૩૦ | | |
| ચાલુ કર | | ૬૦૮.૫૧ | ૨૭૦.૧૬ |
| **વર્ષ માટેનો નફા બાદનો કર** | | ૧૩૬૩.૫૨ | ૧૨૪૪.૯૨ |
| શેર દીઠ આવક (મૂળ) રૂા. | | ૦.૫૭ | ૦.૫૨ |
| શેર દીઠ આવક (ઘટાડેલ) રૂા. | | ૦.૫૭ | ૦.૫૨ |
| **મહત્વની હિસાબી નીતિઓ** | | | |
| **નાણાંકીય પત્રકો ઉપરની નોંધો** | ૧ થી ૪૨ | | |

ઉક્ત તારીખના અમારા બીડાણ કરેલ અહેવાલ મુજબ,

**એસ.સી. અજમેરા એન્ડ કંપની વતી**
**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ,**
**એફ.આર ક્રમાંક ૦૦૨૯૦૮ સી**

**બોર્ડ ઓફ ડાયરેકટર્સ વતી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

**(અરૂણ સરૂપ્રિયા)**
**ભાગીદાર**
**સભ્યપદ ક્રમાંક-૦૭૮૩૯૮**

**વી.એન. માયરા, નિવૃત આઈએએસ**
**અધ્યક્ષ**

**એન.શ્રીવાસ્તવ, આઈએફએસ**
**વહીવટી નિયામક**

**આર.બી. કોઠારી, એસીએમએ**
**મહા પ્રબંધક (નાણાં)**

**એન.એમ. જોષી, એફસીએસ**
**કંપની સચિવ**

**સ્થળ: અમદાવાદ**
**દિનાંક: ૧૩-૦૯-૨૦૧૩**

**સ્થળ: અમદાવાદ**
**દિનાંક: ૧૩-૦૯-૨૦૧૩**

## માર્ચ ૩૦, ૨૦૧૩ના રોજ પૂરા થતા વર્ષનું રોકડ પ્રવાહ પત્રક

(₹ લાખમાં)

| | વિગતો | માર્ચ ૩૧, ૨૦૧૩ના રોજ પુરા થતા વર્ષ માટે | માર્ચ ૩૧, ૨૦૧૨ના રોજ પુરા થતા વર્ષ માટે |
|---|---|---|---|
| | **નાણાંકીય પ્રવૃતિઓમાંથી રોકડ પ્રવાહ** | | |
| | **કર અગાઉનો ચોખ્ખો નફો, અગાઉના સમયની સરભર તથા અસાધારણ બાબતો** | **(૧૭૨.૦૧)** | **૪૬૫૦.૮૧** |
| | સરભર : (વધારો/ઘટાડો) | | |
| | ઘસારો | ૧૪૯૭૨.૧૭ | ૧૩૩૪૮.૧૮ |
| | વ્યાજ અને નાણાંકીય ખર્ચ | ૧૫૧૨૯.૭૭ | ૯૦૮૦.૨૮ |
| | અગાઉના સમયની સરભર | ૨૨૦૦.૯૨ | (૩૦૯૭.૮૩) |
| | સ્થાયી અસેકયામતોના વેચાણમાં નફો | (૧૨૩.૪૦) | (૬૫.૩૯) |
| | સ્થાયી અસ્કયામાતોના વેચાણમાં ખોટ | ૯.૩૬ | ૦.૦૦ |
| | જરૂરી નથી તેવી જોગવાઈ | (૩૫૬.૦૮) | (૩૩૨.૬૪) |
| | થાપણ પર વ્યાજની આવક | (૧૫૦.૬૪) | (૧૪૫.૪૧) |
| | કાર્યકારી મૂડીમાં ફેરફાર અગાઉનો કાર્ય સંચાલકીય નફો | **૩૧૫૧૦.૦૮** | **૨૩૪૩૮.૦૦** |
| | કાર્યકારી મૂડીમાં ફેરફાર સામે કરવાની સરભર | | |
| | ચાલુ અસ્કયામતો, ધિરાણો અને પેશગીઓમાં (વધારો)/ઘટાડો | (૫૩૯૯.૬૮) | (૨૨૫૧૧.૫૪) |
| | ચાલુ જબાદારીઓ તથા જોગવાઈઓમાં વધારો/(ઘટાડો) | (૮૯૩૭.૧૭) | ૪૯૪૯૪.૩૫ |
| | કર અને અસાધારણ બાબતો અગાઉ કાર્યસંચાલનમાંથી નિપજતી રોકડ | **૧૭૧૭૩.૨૪** | **૫૦૪૨૦.૮૧** |
| | બાદઃ સીધાકરની ચુકવાણી | ૦.૦૦ | ૨૫૫.૦૦ |
| | અસાધારણ બાબતો અગાઉ કાર્યસંચાલનમાંથી નિપજતી રોકડ | **૧૭૧૭૩.૨૪** | **૫૦૧૬૫.૮૧** |
| | બાદ : અસાધારણ બાબતો | ૫૬.૮૭ | ૩૭.૯૨ |
| અ. | **કાર્ય સંચાલનમાંથી ઉર્પાજીત ચોખ્ખી આવક** | **૧૭૧૧૬.૩૭** | **૫૦૧૨૭.૮૯** |
| | **નાણાંકીય પ્રવૃતિઓમાંથી રોકડ પ્રવાહ** | | |
| | સ્થાયી અસ્કયામતોની ખરીદી | (૫૭૩૪૬.૩૦) | (૩૦૦૮૪.૧૭) |
| | મૂડીગત કામગીરીમાં (વધારો)/ઘટાડો | (૯૪૭.૦૪) | (૧૪૯૬.૫૮) |
| | સ્થાયી અસ્કયામતોનું વેચાણ/સરભર | ૩૧૬૮.૩૫ | ૨૧૨૬.૧૩ |
| | થાપણ પર વ્યજની આવક | ૧૫૦.૬૪ | ૧૪૫.૪૧ |
| બ. | **રોકાણને લગતી પ્રવૃતિઓમાંથી ચોખ્ખી આવક** | **(૫૪૯૭૪.૩૫)** | **(૨૯૩૦૯.૨૧)** |
| | **નાણાંકીય પ્રવૃતિઓમાંથી અવક ઉપાર્જન** | | |
| | શેર અરજીનાં નાણાં | ૧૬૮૫૦.૦૦ | ૦.૦૦ |
| | ધિરાણમાંથી ઉર્પાજીત આવક | ૫૨૬૪૯૩.૬૮ | ૪૩૧૩૧૩.૦૦ |
| | ધિરાણની પુનઃચુકવણી | (૫૦૨૭૬૬.૦૩) | (૪૪૫૧૬૭.૧૫) |
| | સરકારી અનુદાન, આર્થિક સહાય અને ફાળામાંથી આવક | ૧૨૦૨૬.૫૦ | ૮૦૩૯.૦૯ |
| | ચુકવવામાં આવેલ વ્યાજ અને નાણાંકીય ખર્ચ | (૧૫૧૨૯.૭૭) | (૯૦૮૦.૨૮) |
| ક. | **નાણાંકીય પ્રવૃતિઓમાં વપરાશમાં લેવાયેલ ચોખ્ખી રોકડ** | **૩૭૪૭૪.૩૮** | **(૧૪૮૯૫.૩૪)** |
| | **રોકડની ચોખ્ખી આવક/ખર્ચ (અ+બ+ક)** | **(૩૮૩.૬૦)** | **૫૯૨૩.૩૪** |
| | ઊમેરોઃ૦૧.૦૪.૨૦૧૨ ના રોજ રોકડ તથા રોકડ સમાન (ઊઘડતી સિલક) | ૧૩૧૮૭.૩૩ | ૭૨૬૩.૯૯ |
| | રોકડ તથા રોકડ સમાન તા.૩૧.૦૩.૨૦૧૩ ના રોજની (બંધ સિલક) | ૧૨૮૦૩.૭૩ | ૧૩૧૮૭.૩૩ |

નોંધ :-

(૧) ઉપરોકત રોકડ પ્રવાહ પત્રક, તે પરના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરવામાં આવેલ હિસાબી ધારાધોરણ-૩-અપ્રત્યક્ષ પદ્ધતિ હેઠળ તૈયાર કરવામાં આવેલ છે.

(૨) ૩૧.૦૩.૨૦૧૩ ના રોજની રોકડ તથા રોકડ સમાન ઘટકો પાકા સરવૈયાને સંલગ્ન નોંધ-૧૮ મુજબ છે.

ઉકત તારીખના અમારા બીડાણ કરેલ અહેવાલ મુજબ,

ઉકત તારીખના અમારા બીડાણ કરેલ અહેવાલ મુજબ,

એસ.સી. અજમેરા એન્ડ કંપની વતી
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ,
એફ.આર ક્રમાંક ૦૦૨૯૦૮ સી
(અરૂણ સરૂપ્રિયા)
ભાગીદાર
સભ્યપદ ક્રમાંક-૦૭૮૩૯૮

બોર્ડ ઓફ ડાયરેકટર્સ વતી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

વી.એન. માયરા, નિવૃત આઈએએસ
અધ્યક્ષ

એન.શ્રીવાસ્તવ, આઈએફએસ
વહીવટી નિયામક

આર.બી. કોઠારી, એસીએમએ
મહા પ્રબંધક (નાણાં)

એન.એમ. જોષી, એફસીએસ
કંપની સચિવ

સ્થળ: અમદાવાદ
દિનાંક: ૧૩-૦૯-૨૦૧૩

સ્થળ: અમદાવાદ
દિનાંક: ૧૩-૦૯-૨૦૧૩

## નાણાંકીય પત્રકો સંલગ્ન નોંધો

**૧. મહત્વની હિસાબી નીતિઓ**

**અ. હિસાબો તૈયાર કરવાના આધાર (હિસાબી પ્રણાલી)**

કંપની પોતાના નાણાંકીય પત્રકો, નિર્દેશ કરવામાં આવ્યો ના હોય તે સિવાયના સંજોગોમાં, કંપનીધારા, ૧૯૫૬ ની કલમ-૨૧૧ (૩ ક) ના સંદર્ભે, ચાર્ટર્ડ એકાઉન્ટ્ન્ટસ ઓફ ઇન્ડિયા દ્વારા જારી કરવામાં આવેલ સુસંગત હિસાબી ધોરણો અને ભારતમાં સાધારણ રીતે સ્વીકૃત ધોરણોને સુસંગત, ઐતિહાસિક ખર્ચ પ્રણાલી અને વધારાને આધારે તૈયાર કરે છે.

કંપનીની વ્યાવસાયિક કામગીરી વીજ અધિનિયમ, ૨૦૦૩ અને ગુજરાત વીજ ઉદ્યોગ (પુનઃવ્યવસ્થાપન અને નિયમન) અધિનિયમ, ૨૦૦૩ ની જોગવાઇઓ અંતર્ગત થાય છે. આ અધિનિયમોની જોગવાઇઓ તે અધિનિયમો અંતર્ગત ઘડવામાં આવેલા નિયમો સાથે વંચાણે લેતાં, જયાં કંપનીધારા, ૧૯૫૬ ની જોગવાઇઓ સાથે તેઓ સુસંગત ના હોય, ત્યાં લાગુ પડે છે.

**બ. અંદાજોની ઉપયોગિતાઃ**

નાણાંકીય પત્રકો તૈયાર કરવા માટે વ્યવસ્થાપકોએ એવા અંદાજો અને ધારણાઓ કરવા પડે છે જેઓ નાણાંકીય પત્રકો તૈયાર કરવાની તારીખે નિર્દિષ્ટ અસ્કયામતો અને જવાબદારીઓની રકમો (આકસ્મિક જવાબદારીઓ સહિત) પર તેમ જ નિર્દિષ્ટ કરવામાં આવેલ સમય-અવધિ દરમિયાનની આવક તથા ખર્ચ પર અસર કરતી હોય. વ્યવસ્થાપકો એવું મંતવ્ય ધરાવે છે કે નાણાંકીય પત્રકો તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવામાં આવેલ અંદાજો વ્યવહારૂ અને વ્યાજબી છે. આ અંદાજો ભવિષ્યનાં પરિણામો કરતાં અલગ હોઇ શકે.

**ક. ગ્રાહકનો ફાળો, મૂડીગત અનુદાન અને આર્થિક સહાયઃ**

કંપની સીધી લીટીની પધ્ધતિએ, વીજકરણ અને સર્વિસ જોડાણ સંબંધી મૂડીગત અસ્કયામતો પર, કંપનીધારા, ૧૯૫૬ ના પરિશિષ્ટ-૧૪ માં નિર્દિષ્ટ આ અસ્કયામતો સંદર્ભે મુકરર કરવામાં આવેલ દરે ઘસારાની જોગવાઇ કરે છે. કંપની ગ્રાહકનો ફાળો, અનુદાન અને આર્થિક સહાય મેળવે છે, જેની કંપની દ્વારા વિલંબિત આવક તરીકે ગણતરી કરવામાં આવે છે. મૂડીગત અનુદાનની આવક, ગ્રાહકોનો ફાળો અને સ્થાયી અસ્કયામતો ઊભી કરવા માટે મેળવેલ આર્થિક સહાયને સાંકળવા તેમ જ ઘસારો ગણવા/પ્રમાણસરની રકમ માંડવાળ કરવી એ વ્યવહારૂ રીતે શકય નથી. ઉપરોકત હકીકતોની વિચારણા કરતાં અને ઘસારાની ચોકકસ પ્રમાણસર રકમની અને સરકારી અનુદાન/મળેલ ગ્રાહકના ફાળાના હિસ્સાની ગણત્રી કરતાં અને પ્રમાણસરની જમા રકમને નફા-નુકસાન ખાતે લઇ જવામાં પડતી મુશ્કેલી, વહીવટી સુગમતા, વ્યવહારૂ પાસાંઓ અને ખૂબ જ વિસ્તીર્ણ ભૌગોલિક નેટવર્ક તેમ જ આઇસીએઆઇના નિગમ દ્વારા જારી કરવામાં આવેલ હિસાબી ધોરણો પરના "નાણાંકીય પત્રકો તૈયાર કરવા અને રજૂ કરવા અંગેના માળખા" માં નિર્દિષ્ટ સુસંગત અને ભરોસાપાત્ર માહિતી પરના નિગ્રહને લક્ષમાં લેતાં, કંપનીના આરંભથી અનુસરવામાં આવતી સાતત્યપૂર્ણ નીતિ અનુસાર, ગ્રાહકનો ફાળો અને મૂડીગત અનુદાન/આર્થિક સહાયને વિલંબિત જમા રકમ તરીકે ગણવામાં આવે છે અને વર્ષાંતે ગ્રાહકના ફાળા અને મૂડીગત અનુદાન/આર્થિક સહાયની સિલકના ૧૦% જેટલી રકમ નફા-નુકસાન ખાતે માંડવાળ કરવામાં આવેલ વિલંબિત આવક તરીકે તબદીલ કરવામાં આવે છે, જે અસ્કયામતોના ઉપયોગી જીવન દરમિયાન વિવિધ અસ્કયામતો પર કરવામાં આવેલ ઘસારાની જોગવાઇ સાથે વાજબી રીતે સુસંગત છે.

**ડ. સ્થાયી અસ્કયામતો:**

સ્થાયી અસ્કયામતો, જે તે અસ્કયામતને વાણિજિયક વપરાશ માટે ઊભી કરવામાં યોગ્ય રીતે કરવામાં આવેલા તમામ લાગુ પડતા ખર્ચાઓ સહિતની કિંમતે દર્શાવવામાં આવે છે. ૨૦૦૫-૨૦૦૬ માટે સ્થાયી અસ્કયામતોના કુલ ઉઘડતી મૂલ્ય, એકત્રિત ઘસારો અને સ્થાયી અસ્કયામતોની ચોખ્ખી કિંમતોને ગુજરાત સરકારના તા. ૩ ઓકટોબર, ૨૦૦૬ ના જાહેરનામા ક્રમાંક જીઓવીટી-૨૦૦૬-૯૧-જીડબલ્યુ-૧૧-૬-૫૯૦-કે અંતર્ગત નિર્દિષ્ટ કરવામાં આવેલ મૂલ્યે દર્શાવવામાં આવે છે.

સ્થાયી અસ્કયામતો અને તેના ઘસારા ભંડોળની બાકી રકમો ગુજરાત સરકારના જાહેરનામામાં નિર્દેશ કર્યા મુજબ કંપની ખાતે તબદીલ કરવામાં આવી છે. આ પ્રકારની તબદીલીમાં, તબદીલી યોજના અંતર્ગત, અસ્કયામતોની કિંમતના ૭૦% જેટલી રકમ સુધીનો ઘસારો માંડવાળ કરવામાં આવ્યો છે, જે કંપનીના અભિપ્રાય અનુસાર, સાતત્યપૂર્ણ નવીનીકરણ અને કંપનીના માનવંતા ગ્રાહકોને ગુણવત્તાયુકત વીજ પુરવઠો પૂરો પાડવાના હેતુસર ઊભા કરવામાં આવેલી વીજ વિતરણ પ્રણાલીના અનુરક્ષણના કારણે પર્યાપ્તપણે ઉપયોગી આવરદા ધરાવે છે.

વપરાશમાં ના હોય તેવી સ્થાયી અસ્કયામતોને અર્થાત્ ખૂબ જૂની/ભંગાર અસ્કયામતોને ઉપાર્જિત નહિ તેવી અથવા માંડવાળ કરવામાં આવે તે બેમાંથી જે ઓછી હોય તે કિંમતે દર્શાવવામાં આવે છે.

કંપનીમાં ફાજલ પ્રત્યાવર્તી ઊપકરણોની હેરફેરના ઊંચા દરને કારણે, બળી ગયેલાં પ્રત્યાવર્તી ઊપકરણો દૂર કરતાં ઘસારો પરત ખેંચવામાં આવ્યો નહોતો. તદ્‌નુસાર, ફાજલ પ્રત્યાવર્તી ઊપકરણો અને બળી ગયેલાં પ્રત્યાવર્તી ઊપકરણોના મૂલ્ય વચ્ચેનો તફાવત મૂડીકૃત કરવામાં આવ્યો નથી અને આ તફાવતને ચાલુ અસ્કયામત હેઠળના જથ્થામાં દર્શાવવામાં આવ્યો છે.

**ઈ. પ્રગતિમાં હોય તેવાં મૂડીગત કાર્યો:**

(૧) પ્રગતિમાં હોય તેવાં મૂડીગત કાર્યોમાં જે અસ્કયામતો વપરાશી હેતુ માટે તૈયાર ના હોય અને જયારે તે વપરાશ માટે તૈયાર હોય તે તારીખ સુધીમાં મૂડીકૃત કરવામાં આવેલ સ્થાયી અસ્કયામતો પર થયેલા ખર્ચનો સમાવેશ થાય છે. બાંધકામ વિભાગના તમામ ખર્ચની ફાળવણી સંબંધિત યોજનામાં કરવામાં આવેલ વધારા ખાતે પ્રમાણસર ધોરણે તે યોજના ખાતે ફાળવવામાં આવે છે. જો કે, કોર્પોરેટ કચેરી અને ક્ષેત્રીય કચેરીઓના સામાન્ય ખર્ચની ફાળવણી પ્રગતિમાં હોય તેવાં મૂડીગત કાર્યો તરીકે, વર્ષ દરમિયાન થયેલ ફાળવણીપાત્ર ખર્ચના સંદર્ભે નિર્ધારિત કરેલ એકસરખા દરે કરવામાં આવે છે.

(૨) ભાવતાલમાં વધઘટના દાવાઓની ખતવણી તેઓની સ્વીકૃતિ કરવામાં આવે તે ધોરણે કરવામાં આવે છે.

**એફ. અસ્કયામતોનો મૂલ્યહ્રાસ:**

કંપનીની સ્થાયી અસ્કયામતોના ધારણ મૂલ્યમાં ઘટાડાનો કોઇ નિર્દેશ મળે તેવા સંજોગોમાં પ્રત્યેક તારીખના પાકા સરવૈયામાં તેની વિચારણા કરવામાં આવે છે. જો આ પ્રકારનો કોઇ નિર્દેશ હોય તો અસ્કયામતની વસુલાતપાત્ર રકમ અંદાજવામાં આવે છે. જો અસ્કયામતની આ પ્રકારની વસુલાતપાત્ર રકમ અથવા રોકડ ઉપાર્જીત એકમની અસ્કયામતના કિસ્સામાં, વસુલાતપાત્ર રકમ તે અસ્કયામતની ધારણ કિંમત કરતાં ઓછી

હોય તો ધારણ કિંમતને વસુલાતપાત્ર રકમ જેટલી ઘટાડવામાં આવે છે. ઘટાડાને મૂલ્યહાસ તરીકે ગણવામાં આવે છે અને તેની ખતવણી નફા-નુકસાન ખાતે કરવામાં આવે છે. પાકા સરવૈયાની તારીખે જો એવો નિર્દેશ મળે કે અગાઉ આકારવામાં આવેલ મૂલ્યહાસ અસ્તિત્ત્વમાં નથી તો વસુલાતપાત્ર રકમની પુનઃઆકારણી કરવામાં આવે છે અને અસ્કયામતનો નિર્દેશ પુનઃઆકારવામાં આવેલ વસુલાતપાત્ર કિંમતે કરવામાં આવે છે.

**જી. વિભાગીય માહિતીઃ**

(૧) **વ્યાવસાયિક ઘટકઃ** કંપનીની એકમાત્ર પ્રવૃતિ “વીજ વિતરણ” ની છે. આમ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઇન્ડિયા દ્વારા જારી કરવામાં આવેલ હિસાબી ધોરણ-૧૭- “વિભાગીય અહેવાલ” ની ગણતરી “લાગુ પડતું નથી” તરીકે કરવામાં આવી છે.

(૨) **ભૌગોલિક ઘટકઃ** કંપનીની કામગીરી મુખ્યત્વે ગુજરાત પુરતી મર્યાદિત છે. ગુજરાત અથવા ભારત બહાર કંપનીની કોઇ જ આવક નથી. આમ, અહેવાલ આપવા યોગ્ય કોઇ જ ભૌતિક ઘટક નથી.

**એચ. માલસામગ્રીની યાદીઃ**

માલસામગ્રીનું મૂલ્યાંકન નીચે મુજબ આંકવામાં આવેલું છેઃ

(૧) બિનટકાઉ સામગ્રીનો પુરવઠો અને પૂર્જા, બાંધકામ સ્ટોર, બિનટકાઉ પ્રકારના અનિવાર્ય પૂર્જા-ભારિત સરેરાશની પધ્ધતિએ.

(૨) ભંગાર- મૂળ કિંમતે અથવા ચોખ્ખી મળવાપાત્ર કિંમત (એનઆરવી) બેમાંથી જે ઓછી હોય તે કિંમતે.

**આઇ. આકસ્મિક જવાબદારીઓ પેટે જોગવાઇઃ**

જયાં ભૂતકાળની કોઇ બાબતને લઇને વર્તમાનમાં જવાબદારી ઊભી થઇ હોય, જેમાં સંભવિતપણે સંસાધનોની પ્રવાહિતા જરૂરી હોય અને જવાબદારી અંગે ભરોસાપાત્ર અંદાજ મૂકી શકાય તેમ હોય તેવા સંજોગોમાં કંપની જોગવાઇ ઊભી કરે છે. સંભવિત જવાબદારી અથવા વર્તમાન જવાબદારીના કિસ્સાઓમાં જયાં સંસાધનના સ્ત્રોતની જરૂરિયાત ના હોય તેવા સંજોગોમાં આકસ્મિક જવાબદારીનો નિર્દેશ કરવામાં આવે છે. સંભવિત જવાબદારી અથવા વર્તમાન જવાબદારીના કિસ્સાઓમાં જયાં સંસાધનોના સ્ત્રોતની સંભાવના પાંખી હોય તેવા સંજોગોમાં આ પેટે કોઇ જોગવાઇ અથવા સ્પષ્ટીકરણ કરવામાં આવતું નથી.

**જે. આવકની સ્વીકૃતિઃ**

(૧) **વીજ વેચાણની આવકઃ**

ગ્રાહકોને લાગુ પડતા ગુજરાત વીજ નિયમન પંચે જારી કરેલા વીજદર માળખું નિર્ધારિત કરતા આદેશોને સુસંગત પૂરી પાડવામાં આવેલ વીજળી માટે વૃધ્ધિના આધારે, વીજ વેચાણની આવકનો નિર્દેશ કરવામાં આવે છે.

(૨) જીયુવીએનએલને વેચાણ આપવામાં આવેલ વધારાની વીજળીની આવકની ખતવણી જીયુવીએનએલ પાસેથી મળતી ક્રેડીટ નોટને આધારે કરવામાં આવે છે.

(૩) **ગ્રાહકો પાસેથી મળતી પરચુરણ આવકઃ**

મીટર ભાડું, વીજચોરી/ગેરરીતિના કિસ્સાઓમાં વસુલાત, વ્હીલીંગ ચાર્જની વસુલાતનો નિર્દેશ, ગ્રાહકો પાસેથી રોકડમાં મળતી પરચુરણ આવક સિવાય, વૃધ્ધિના આધારે થાય છે.

(૪) **સબસીડીની આવકઃ**

સબસીડીની આવકને જીયુવીએનએલ (ધારક કંપની) દ્વારા ફાળવવામાં આવેલી સબસીડીની આવકની ખતવણી નફા નુકસાન ખાતે કરવામાં આવે છે.

(૫) **અન્ય આવકઃ**

(અ) ભંગાર સામગ્રીના વેચાણ તેમ જ વીમા અંગેના દાવામાંથી નિપજતી આવકની ગણતરી વાસ્તવિક ઉપાર્જનના આધારે કરવામાં આવે છે. વિલંબિત ચુકવણીની આવક (અદાલતમાં મુકદ્દમાઓ દાખલ કરવામાં આવ્યા હોય તે સિવાય)ની ગણત્રી વીજબીલ પેટે બાકી પડતી રકમ સામે ખરેખર પ્રાપ્ત થયેલ આવકના આધારે કરવામાં આવે છે.

બ) ઉપર દર્શાવેલ સિવાયની અન્ય આવકની ગણતરી આ પ્રકારની આવકનું છેવટનું ઉપાર્જન જયાં અનિશ્ચિત હોય તે સિવાયના કિસ્સામાં, વૃધ્ધિના આધારે કરવામાં આવે છે.

(૬) દાવો રજૂ ના કરવામાં આવ્યો હોય તેવી સલામતી થાપણ, બાના પેટે જમા કરાવેલ રકમ તથા ત્રણ કરતાં વધારે વર્ષોથી બાકી હોય તેવી વિક્રતાઓ અને ઈજારદારો પાસેથી મળેલ પરચુરણ થાપણની આવકો, જેઓ ચુકવવાપાત્ર નથી તેવી રકમની ગણતરી આવક તરીકે કરવામાં આવે છે.

**કે. કર્મચારીઓના લાભઃ**

(૧) **પ્રોવિડન્ટ ફંડઃ-** સુસંગત કાયદા અને નિયમો હેઠળ, અધિકૃત પ્રોવિડન્ટ ફંડમાં, પ્રોવિડન્ટ ફંડનો ફાળો જમા કરાવવામાં આવે છે.

(૨) **ગ્રેજયુઈટીઃ-** ગ્રેજયુઈટીની જવાબદારીની ખતવણી જીવનવીમા નિગમ દ્વારા કરવામાં આવતા મૂલ્યાંકનના આધારે કરવામાં આવે છે. ગણતરીલક્ષી મૂલ્યાંકન મુજબ, ચુકવવાપાત્ર હિસ્સાની જવાબદારીનો નિર્દેશ આવક તરીકે કરવામાં આવે છે.

(૩) **રજાઓનું રોકડમાં રૂપાંતરઃ-** કંપનીના કર્મચારીઓને નિવૃતિ સમયે રજાઓના રોકડમાં રૂપાંતરનો લાભ આપવામાં આવે છે. કર્મચારીઓ જયારે ફરજમાં હોય ત્યારે કંપની તેની રજાઓના રોકડમાં રૂપાંતરની જવાબદારીની, એલઆઈસી દ્વારા ગણતરી કરવામાં આવેલ રકમના આધારે ખતવણી કરે છે.

૪) **મુસાફરી ભથ્થુંઃ-** હકકદાર કર્મચારીઓને મુસાફરી ભથ્થા ખર્ચની ચુકવણી, વાસ્તવિક રીતે મજરે આપવામાં આવતા નાણાંને આધારે કરવામાં આવે છે.

**એલ. ઉછીનાં લીધેલ નાણાં પરનો ખર્ચઃ**

(૧) ગુણવત્તાયુક્ત અસ્કયામત મેળવવા અથવા તેના બાંધકામ પેટે જ નિર્દેશ કરવામાં આવેલ ઉછીનાં નાણાં પરનો ખર્ચ આ પ્રકારની અસ્કયામતના ઘટક તરીકે પૂર્ણપણે ખતવવામાં આવેલ છે.

(૨) સાધારણ પ્રકારના ઉછીના ખર્ચ, જે ગુણવત્તાયુકત અસ્કયામતને ફાળવવાપાત્ર નથી તેવા ખર્ચના સંદર્ભમાં, વ્યાજખર્ચની સાધારણ ભારિત સરેરાશને મૂડીકૃત કરીને વર્ષ માટેના પ્રગતિમાં હોય તેવાં મૂડીગત કાર્યની સરેરાશ બાકી પર પ્રમાણસરના ધોરણે ફાળવવામાં આવે છે.

(૩) અન્ય ઉછીના ખર્ચની રકમને તે ખર્ચ જે વર્ષમાં કરવામાં આવ્યો હોય તે સમયગાળામાં ખર્ચ તરીકે દર્શાવવામાં આવે છે.

**એમ. ઘસારો અને ઋણમુક્તિ:**

(૧) ઘસારાની જોગવાઇ કંપનીધારા, ૧૯૫૬ ના પરિશિષ્ટ-૧૪ માં દર્શાવેલ દરે સીધી લીટીની પધ્ધતિએ કરવામાં આવે છે.

(૨) ₹ ૫૦૦૦/- સુધીની કિંમતની કોઇપણ ઘસારાપાત્ર અસ્કયામત, તે અસ્કયામત જે વર્ષમાં ખરીદવામાં આવી હોય તે વર્ષમાં આવક તરીકે પૂર્ણપણે ખતવવામાં આવી છે.

(૩) વર્ષ દરમિયાન સ્થાયી અસ્કયામતમાં થયેલ વધારા/ઘટાડા પર ઘસારાની જોગવાઇ, તે અસ્કયામત જે તારીખે વપરાશમાં મૂકવામાં આવી હોય તે તારીખથી, પ્રમાણસર દરે કરવામાં આવે છે.

**એન. કરની જોગવાઇ:**

આવકવેરા ધારા, ૧૯૬૧ ની જોગવાઇઓને અનુરૂપ, આકારણીપાત્ર નફાના આધારે આવકવેરાની જોગવાઇ સુનિશ્ચિત કરવામાં આવે છે.

વિલંબિત કરની ઓળખ, કરપાત્ર આવક અને હિસાબપાત્ર આવક જે એક સમયગાળામાં ઉદ્ભવે છે અને એક કે પછીના એક કરતાં વધુ સમયગાળામાં પરિવર્તીત થવા સક્ષમ હોય તેવી આવકો વચ્ચેના તફાવત એટલે કે સમયગાળાના તફાવતના આધારે, ચોકસાઇની ગણતરીને આધીન સુનિશ્ચિત કરવામાં આવે છે. આગળ લઇ જવામાં આવેલ ખાધ તેમ જ ઓળખવામાં નહિ આવેલ ઘસારો જેની જાણકારી, અસ્કયામતની ભવિષ્યમાં કિંમત મળશે એવી વાસ્તવિક નિશ્ચિતતા થકી મળે છે તે સિવાય વાજબી ખાતરી હોય એટલી માત્રામાં વિલંબિત કર અસ્કયામતની ઓળખ થાય છે અને તેને આગળ લઇ જવામાં આવે છે.

**ઓ. અગાઉના સમયની અસાધારણ બાબતો:**

અગાઉના સમયને લગતી નિર્દેશ કરી શકાય તેવી તમામ આવક અને ખર્ચની રકમની ખતવણી "અગાઉના સમયની બાબતો વગેર...." અંગેના હિસાબી ધોરણ-૫ માં મુકરર કરવામાં આવેલ અગાઉના સમયની ચોખ્ખી (જમા)/જવાબદારીઓ દ્વારા કરવામાં આવે છે.

**પી. વિલંબિત મહેસુલી ખર્ચ:**

વીજ કાર્યસાધક પમ્પસેટ યોજના સંદર્ભે થયેલ વિલંબિત મહેસુલી ખર્ચ બાબતની ઋણમુક્તિ પાંચ વર્ષ દરમિયાનના સમયગાળામાં કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ચાલુ વર્ષ દરમિયાન, અમૂર્ત અસ્કયામતો સંદર્ભના હિસાબી ધોરણ-૨૬ ની આવશ્યકતાઓના અનુસંધાનમાં અને સુધારેલ પરિશિષ્ટ-૬ ની યોગ્ય રજૂઆત માટે, વર્ષના આરંભે બાકી પડતી રકમને સાધારણ અનામતની સામે માંડવાળ કરવામાં આવી છે.

## માર્ચ ૩૧, ૨૦૧૩ ના રોજ પુરા થતા વર્ષ માટેના નાણાંકીય પત્રકો પરની નોંધ

### ૨. શેરમૂડી

(₹ લાખમાં)

| વિગતો | ૩૧ મી માર્ચ, ૨૦૧૩ ના રોજ | ૩૧ મી માર્ચ, ૨૦૧૨ ના રોજ |
|---|---|---|
| **અધિકૃત શેરમૂડી** | | |
| ₹ ૧૦/- નો એક એવા ૬૦,૦૦,૦૦૦ ઇક્વિટી શેર | ૬૦૦૦૦.૦૦ | ૬૦૦૦૦.૦૦ |
| **બહાર પાડેલ, ભરાયેલ અને ભરપાઇ થયેલ મૂડી** | | |
| ₹ ૧૦/- નો એક એવા ૨૩,૭૧,૪૮,૭૨૨ પૂર્ણ ભરપાઇ ઇક્વિટી શેર (અગાઉના વર્ષે ૨૩,૭૧,૪૮,૭૨૨ ઇક્વિટી શેર). | ૨૩૭૧૪.૮૭ | ૨૩૭૧૪.૮૭ |
| ધારક કંપની ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેના નિયુક્તો દ્વારા ધારણ કરવામાં આવ્યા છે. | | |
| કુલ | ૨૩૭૧૪.૮૭ | ૨૩૭૧૪.૮૭ |

**૧. શેરની સંખ્યા અને શેરની રકમની ઉઘડતી અને બંધ સિલકની મેળવણીઃ**

| વિગતો | સંખ્યા | રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| જારી કરવામાં આવેલ શેરની ઉઘડતી સિલક | ૨૩,૭૧,૪૮,૭૨૨ | ૨૩૭૧૪.૮૭ |
| ઉમેરોઃ વર્ષ દરમિયાન જારી કરવામાં આવેલ | ૦ | ૦.૦૦ |
| કુલ | ૨૩,૭૧,૪૮,૭૨૨ | ૨૩૭૧૪.૮૭ |
| બાદઃ વર્ષ દરમિયાન પરત ખરીદેલ | ૦ | ૦.૦૦ |
| બંધ સિલક | ૨૩,૭૧,૪૮,૭૨૨ | ૨૩૭૧૪.૮૭ |

**૨. ધારક કંપની દ્વારા ધારણ કરવામાં શેરની વિગતોઃ**

ધારક કંપની ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેના નિયુક્તો દ્વારા ૧૦૦% શેર ધારણ કરવામાં આવ્યા છે.

**૩. કુલ શેરના ૫% કરતાં વધુ શેર ધારણ કરનાર દરેક શેરધારકોની વિગતોઃ**

ધારક કંપની ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેના નિયુક્તો દ્વારા ૧૦૦% શેર ધારણ કરવામાં આવ્યા છે.

**૪. રોકડમાં ચુકવણું મળ્યા સિવાય કરવામાં આવેલ કરારોને સુસંગત પૂર્ણ ભરપાઇ કરવામાં આવેલ શેરની વિગતોઃ**

(અ) ગુજરાત સરકારે તા. ૩ જી ઓકટોબર, ૨૦૦૬ ના જાહેરનામા ક્રમાંક જીએચયુ-૨૦૦૬-૯૧-જીયુવી-

૧૧૦૬-૫૯૦-ક દ્વારા તત્કાલીન ગુજરાત વિદ્યુત બોર્ડની ૧લી એપ્રિલ, ૨૦૦૫ ના રોજ તબદીલ કરવામાં આવેલ જવાબદારીઓના સંદર્ભમાં કંપનીની અસ્કયામતો અને જવાબદારીઓની ઉઘડતી કિંમત ઘોષિત કરી છે. ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગે પોતાના તા. ૧૨ મી ડિસેમ્બર, ૨૦૦૮ ના જાહેરનામા ક્રમાંક જીએચયુ (૨૦૩)-જીયુવી-૧૧૦૬-૫૯૦-ક દ્વારા, અગાઉના તા. ૩ જી ઓકટોબર, ૨૦૦૬ ના જાહેરનામા ક્રમાંક જીએચયુ-૨૦૦૬-૯૧-જીયુવી-૧૧૦૬-૫૯૦-ક માં આંશિક સુધારો કરતાં, અગાઉ જણાવવામાં આવેલ ઇકિવટી શેરમૂડીનું તા. ૧ લી એપ્રિલ, ૨૦૦૮ ની અસરથી, ₹ ૧૧૦૮૯૬૪૮૦૦/- (₹ ૧૦/- પ્રતિ શેરના ૧૧૦૮૯૬૪૮૦ પૂર્ણ ભરપાઇ ઇકિવટી શેર) અને રૂા.૩૩૨૬૮૯૪૪૩૦/- ના શેર પ્રિમિયમ તરીકે દ્વિભાજન કર્યુ છે.

(બ) ૨૦૦૮-૦૯ દરમિયાન, ગુજરાત સરકારે ધારક કંપની ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (જીયુવીએનએલ) માં ઇકિવટી શેરભંડોળ તરીકે, જીયુવીએનએલની સહાયક એવી તમામ વીજ વિતરણ કંપનીઓ દ્વારા બિન-આદિજાતિ વિસ્તારોમાં જયોતિગ્રામ યોજનાના અમલીકરણ માટે આર્થિક સહાય આપી છે. બદલામાં, કંપનીએ ખાનગી સ્ત્રોત દ્વારા પસંદગીયુકત ફાળવણીના ધોરણે રૂા.૧૦/- ના એક એવા ૯૬૨૦૨૧૭૨ (પૂર્ણ ભરપાઇ) શેર, ₹ ૯૬૨૦૨૧૭૨૦/- ના એકત્રિત મૂલ્યે જીયુવીએનએલને ફાળવી આપ્યા છે.

(ક) ૨૦૦૯-૧૦ દરમિયાન, કંપનીએ નાણાંકીય પુર્નગઠન યોજના હેઠળ મળેલ આર્થિક સહાયના બદલામાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (જીયુવીએનએલ) ને હકકના ધોરણે મૂળ કિંમતે ₹ ૩૦,૦૦,૦૦,૦૦૦/- ના મૂલ્યના ઇકિવટી શેરની ફાળવણી કરી આપી છે.

### ૩. અનામત અને પુરાંત

(₹ લાખમાં)

| વિગતો | ૩૧ મી માર્ચ, ૨૦૧૩ ના રોજ | ૩૧ મી માર્ચ, ૨૦૧૨ ના રોજ |
|---|---|---|
| (અ) ઇકિવટી શેર પ્રિમીયમ ખાતું | ૩૩૨૬૮.૯૪ | ૩૩૨૬૮.૯૪ |
| (બ) પુરાંતઃ (નફા-નુકસાન ખાતું) | | |
| આગળના વર્ષની બાકી આગળ લાવ્યા | ૩૫૩૫.૧૨ | ૪૩૮૬.૫૨ |
| ઉમેરોઃ વર્ષનો નફો | ૧૩૬૩.૫૨ | ૧૨૪૪.૯૨ |
| બાદઃ સાધારણ અનામત ખાતે ખતવવામાં આવેલ પરચુરણ ખર્ચ | ૦.૦૦ | (૨૦૯૬.૩૧) |
| **(મહત્વની હિસાબી નીતિઓના મુદ્દા ક્રમ-પી જુઓ)** | | |
| **કુલ (બ)** | ૪૮૯૮.૬૫ | ૩૫૩૫.૧૨ |
| **કુલ (અ+બ)** | ૩૮૧૬૭.૫૯ | ૩૬૮૦૪.૦૭ |

૪. વિલંબિત સરકારી અનુદાન, આર્થિક સહાય અને ફાળો

(₹ લાખમાં)

| વિગતો | ૩૧ મી માર્ચ, ૨૦૧૩ ના રોજ | ૩૧ મી માર્ચ, ૨૦૧૨ ના રોજ |
|---|---|---|
| **(અ) વિલંબિત સરકારી અનુદાન, આર્થિક સહાય અને ફાળો** | | |
| મૂડીગત અસ્કયામતના ખર્ચ પેટે આર્થિક સહાય | ૨૧૩૭૦.૩૨ | ૧૭૭૮૫.૯૪ |
| મૂડીગત અસ્કયામતો માટેનું અનુદાન | ૧૭૩૯.૫૨ | ૧૯૩૨.૮૦ |
| મૂડીગત અસ્કયામતો માટે ગ્રાહકોનો ફાળો | ૪૬૪૧૮.૩૦ | ૩૭૪૯૪.૦૪ |
| નાણાંકીય પુર્નગઠન યોજના (એફઆરપી) હેઠળ મૂડીગત અનુદાન | ૨૫૯૯.૬૫ | ૨૮૮૮.૫૦ |
| **કુલ** | **૭૨૧૨૭.૭૮** | **૬૦૧૦૧.૨૮** |

૫. શેર અરજીનાં નાણાં અનિર્ણીત ફાળવણી (₹ લાખમાં)

| વિગતો | ૩૧ મી માર્ચ, ૨૦૧૩ ના રોજ | ૩૧ મી માર્ચ, ૨૦૧૨ ના રોજ |
|---|---|---|
| શેર અરજીનાં નાણાં અનિર્ણીત ફાળવણી | ૧૬૮૫૦.૦૦ | ૦.૦૦ |
| **કુલ** | **૧૬૮૫૦.૦૦** | **૦.૦૦** |

વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન, ખેતીવાડી વીજ જોડાણો આપવા માટે જીયુવીએનએલ પાસેથી મૂડીગત ફાળા પેટે રૂા. ૧૬૮૫૦.૦૦ લાખની રકમ શેર અરજીનાં નાણાં તરીકે મળી છે; આની સામે, શેર જારી કરવાની શરતો, જારી કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ શેરની સંખ્યા, ભાવ વગેરે બોર્ડ દ્વારા નકકી કરવામાં આવશે. નવેમ્બર, ૨૦૧૩ અગાઉ, કંપની ધારક કંપનીને શેરની ફાળવણી કરશે. શેર અરજીનાં નાણાંની સામે કરવામાં આવેલ શેરની ફાળવણી પેટે ચુકવવામાં આવેલ શેર ભંડોળને પહોંચી વળવા કંપની પાસે પર્યાપ્ત અધિકૃત શેર ભંડોળ છે.

૬. લાંબાગાળાનાં ધિરાણો (₹ લાખમાં)

| વિગતો | માર્ચ ૩૧, ૨૦૧૩ ના રોજ | | માર્ચ ૩૧, ૨૦૧૨ ના રોજ | |
|---|---|---|---|---|
| | બિન-વર્તમાન | વર્તમાન | બિન-વર્તમાન | વર્તમાન |
| **(અ) સુરક્ષિત ધિરાણો** | | | | |
| બેંકો પાસેથી મેળવેલ ધિરાણ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૪૪૫.૭૭ |
| વિલંબિત ચુકવણીની બાંહેધરી અંતર્ગત બીલ ડિસ્કાઉન્ટ-યુબીઆઇ | ૦.૦૦ | ૨૨૦.૯૫ | ૨૨૦.૯૫ | ૭૮૩.૨૪ |
| વિલંબિત ચુકવણીની બાંહેધરી અંતર્ગત બીલ ડિસ્કાઉન્ટ-સીડબી | ૧૦.૦૮ | ૫૨.૭૮ | ૬૨.૮૬ | ૧૨૧.૪૦ |
| આરઇસી પાસેથી મેળવેલ ધિરાણ | ૧૧૫૧.૯૬ | ૫૫૩.૮૨ | ૧૭૦૫.૭૮ | ૫૫૩.૮૨ |
| **કુલ (અ)** | **૧૧૬૨.૦૪** | **૮૨૭.૫૫** | **૧૯૮૯.૫૯** | **૨૯૦૪.૨૩** |

| | | | | |
|---|---|---|---|---|
| **(બ) અસુરક્ષિત ધિરાણ** | | | | |
| જીએસએફએસ પાસેથી મેળવેલ ધિરાણ | ૨૨૦૦૦.૦૦ | ૮૦૦૦.૦૦ | ૦.૦૦ | ૯૪૬.૦૬ |
| મૂડી પર બાકી ચુકવણી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૯.૨૫ |
| **<u>પબ્લિક બોન્ડ્ઝ</u>** | | | | |
| ૧૧.૫૦% શ્રેણી-૬; વિકલ્પ-૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૨૫૮.૮૦ |
| ૧૧.૭૫% શ્રેણી-૬; વિકલ્પ-૩ | ૩૬૦.૧૩ | ૨૭૦.૧૦ | ૬૩૦.૨૩ | ૨૭૦.૧૦ |
| .૫૦% શ્રેણી-૬; વિકલ્પ-૩ | ૬૬૫.૫૧ | ૪૯૯.૧૪ | ૧૧૬૪.૬૫ | ૪૯૯.૧૩ |
| ૧૧.૨૫% શ્રેણી-૭; વિકલ્પ-૨ | ૦.૦૦ | ૧૭.૫૭ | ૧૭.૫૭ | ૧૩.૧૮ |
| ૧૧.૫૦% શ્રેણી-૭; વિકલ્પ-૩ | ૦.૦૦ | ૫૯૦.૪૨ | ૫૯૦.૪૨ | ૦.૦૦ |
| ૮.૯૫% શ્રેણી-૮; | ૫૩૮૦.૩૫ | ૦.૦૦ | ૫૩૮૦.૩૫ | ૦.૦૦ |
| ૮.૦૦% શ્રેણી-૯ | ૮૫૫.૧૯ | ૦.૦૦ | ૮૫૫.૧૯ | ૦.૦૦ |
| ૮.૦૦% શ્રેણી-૧૦ | ૨૩૮૪.૨૦ | ૦.૦૦ | ૨૩૮૪.૨૦ | ૦.૦૦ |
| પાવર ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ પાસેથી ધિરાણ | ૨૪૪૨.૭૦ | ૦.૦૦ | ૨૩૭૨.૭૦ | ૦.૦૦ |
| રૂરલ ઇલેક્ટ્રીફિકેશન કોર્પોરેશન પાસેથી ધિરાણ | ૧૮.૪૨ | ૧૪.૦૬ | ૫૩.૯૩ | ૦.૦૦ |
| આરઇસી (આરજીજીવીવાય) પાસેથી ધિર | ૬૫૫.૮૭ | ૦.૦૦ | ૬૪૯.૫૭ | ૦.૦૦ |
| **<u>સરકારી ધિરાણો</u>** | | | | |
| એપીડીઆરપી હેઠળ ધિરાણ | ૧૯૭૨.૨૦ | ૨૨૧.૦૨ | ૨૧૯૩.૨૨ | ૨૨૧.૦૨ |
| એડીબી કાર્યક્રમ અને પરિયોજના પેટે ધિરાણ | ૪૧૬૦.૧૩ | ૩૮૦.૦૩ | ૪૫૪૦.૧૬ | ૩૭૬.૪૮ |
| **કુલ (બ)** | **૪૦૮૯૪.૭૦** | **૯૯૯૨.૩૪** | **૨૦૮૩૨.૧૯** | **૩૫૯૪.૦૨** |
| **કુલ** | **૪૨૦૫૬.૭૪** | **૧૦૮૧૯.૮૯** | **૨૨૮૨૧.૭૮** | **૬૪૯૮.૨૫** |

૧. રૂરલ ઇલેક્ટ્રીફિકેશન કોર્પોરેશન લિમિટેડ પાસેથી મેળવેલ ધિરાણને યુજીવીસીએલના ઇડર અને તલોદ સંચાલન અને નિભાવ વિભાગીય કચેરીઓ અને હિંમતનગર વર્તુળ કચેરી/વિભાગીય કચેરી/આરએસઓ/, મોડાસા વિભાગીય કચેરી તથા મહેસાણા વર્તુળ/વિભાગીય કચેરી/આરએસઓ અને કલોલ વિભાગીય કચેરીઓની અસ્કયામતોના પ્રથમ ગીરો ખર્ચ સામે સુરક્ષિત કરવામાં આવ્યું.

૨. યુનિયન બેંક ઓફ ઇન્ડિયા અને સીડબી પાસેથી મેળવેલ બીલ વટાવ અવધિને બેંકોના સંઘે જારી કરેલ વિલંબિત ચુકવણા બાંહેધરી હેઠળ સુરક્ષિત કરવામાં આવી.

## સુરક્ષિત ધિરાણ

### પાકતી મુદતની જાણકારી અને બેંકો પાસેથી મેળવેલ ધિરાણ પર વ્યાજદર

(₹ લાખમાં)

| યુબીઆઈ | વ્યાજદર (%) | પાકતી મુદતની રૂપરેખા | | |
|---|---|---|---|---|
| | | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | કુલ |
| | ૯.૫૦ | ૧૨૧.૩૧ | ૦.૦૦ | ૧૨૧.૧૩ |
| | ૧૦.૭૫ | ૯૯.૮૨ | ૦.૦૦ | ૯૯.૮૨ |
| | **કુલ** | **૨૨૦.૯૫** | **૦.૦૦** | **૨૨૦.૯૫** |
| **સીડબી** | **વ્યાજદર (%)** | **પાકતી મુદતની રૂપરેખા** | | |
| | | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | કુલ |
| | ૯.૭૫ | ૪૨.૭૧ | ૦.૦૦ | ૪૨.૭૧ |
| | ૮.૫૦ | ૧૦.૦૭ | ૧૦.૦૮ | ૨૦.૧૫ |
| | **કુલ** | **૫૨.૭૮** | **૧૦.૦૮** | **૬૨.૮૬** |

### પાકતી મુદતની રૂપરેખા અને આરઈસી પાસેથી મેળવેલ ધિરાણના વ્યાજ

(₹ લાખમાં)

| વ્યાજદર (%) | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૮.૫૦ | ૨૭૫.૬૯ | ૨૭૫.૬૯ | ૨૭૫.૬૯ | ૧૦.૮૩ | ૧૦.૮૩ | ૮૪૮.૭૩ |
| ૯.૨૫ | ૩૪.૧૬ | ૩૪.૧૬ | ૩૪.૧૬ | ૭.૪૪ | ૭.૪૪ | ૧૧૭.૩૬ |
| ૧૦.૦૦ | ૧૬૩.૮૧ | ૧૫૩.૮૧ | ૧૫૩.૮૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૬૧.૪૩ |
| ૧૦.૫૦ | ૮૮.૭૫ | ૮૮.૭૫ | ૮૮.૭૫ | ૩.૮૯ | ૩.૮૯ | ૨૭૪.૦૩ |
| ૧૧.૦૦ | ૧.૪૧ | ૧.૪૧ | ૧.૪૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૪.૨૩ |
| **કુલ** | **૫૫૩.૮૨** | **૫૫૩.૮૨** | **૫૫૩.૮૨** | **૨૨.૧૬** | **૨૨.૧૬** | **૧૭૦૫.૭૮** |

## અસુરક્ષિત ધિરાણ

### પાકતી મુદતની રૂપરેખા અને બોન્ડ્ઝ પરના વ્યાજદર

(₹ લાખમાં)

### પાકતી મુદતની રૂપરેખા

| વ્યાજદર | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧૧.૭૫% શ્રેણી-૬; વિકલ્પ-૨ | ૨૭૦.૧૦ | ૩૬૦.૧૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૬૩૦.૨૩ |
| ૭.૫૦% શ્રેણી-૬; વિકલ્પ-૩ | ૪૯૯.૧૪ | ૬૬૫.૫૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૧૬૪.૬૫ |
| ૧૧.૨૫% શ્રેણી-૭; વિકલ્પ-૨ | ૧૭.૫૭ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૭.૫૭ |
| ૧૧.૫૦% શ્રેણી-૭;વિકલ્પ-૩ | ૫૯૦.૪૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫૯૦.૪૨ |
| ૮.૯૫% શ્રેણી-૮ | ૦.૦૦ | ૧૬૧૪.૧૦ | ૧૬૧૪.૧૦ | ૨૧૫૨.૧૫ | ૫૩૮૦.૩૫ |
| ૮.૦૦% શ્રેણી-૯ | ૦.૦૦ | ૨૫૬.૫૬ | ૨૫૬.૫૬ | ૩૪૨.૦૭ | ૮૫૫.૧૯ |
| ૮.૦૦% શ્રેણી-૧૦ | ૦.૦૦ | ૭૧૫.૨૬ | ૭૧૫.૨૬ | ૯૫૩.૬૮ | ૨૩૮૪.૨૦ |
| કુલ | ૧૩૭૭.૨૩ | ૩૬૧૧.૫૬ | ૨૫૮૫.૯૨ | ૩૪૪૭.૯૦ | ૧૧૦૨૨.૬૧ |

### પાકતી મુદતની રૂપરેખા અને જીએસએફએસ પાસેથી મેળવેલ ધિરાણ પર વ્યાજદર

(₹ લાખમાં)

| વર્ષ | વ્યાજનો સરેરાશ દર | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | કુલ |
|---|---|---|---|---|---|
| રકમ | ૯.૦૦% | ૮૦૦૦.૦૦ | ૧૨૦૦૦.૦૦ | ૧૦૦૦૦.૦૦ | ૩૦૦૦૦.૦૦ |

### પાકતી મુદતની રૂપરેખા અને આરઈસી પાસેથી મેળવેલ ધિરાણ પર વ્યાજદર

(₹ લાખમાં)

| વર્ષ | વ્યાજનો સરેરાશ દર | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | કુલ |
|---|---|---|---|---|---|
| રકમ | ૯.૨૫% | ૧૪.૦૬ | ૧૧.૮ | ૬.૬૨ | ૩૨.૪૮ |

### પાકતી મુદતની રૂપરેખા અને સરકારી ધિરાણ પરનો વ્યાજદર

(₹ લાખમાં)

| વિગતો | વ્યાજદર | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ પછી પાકતી | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| એડીબી પાસેથી મેળવેલ ધિરાણ | ૧૦.૬૯% | ૩૮૦.૦૩ | ૩૮૦.૦૩ | ૩૮૦.૦૩ | ૩૮૦.૦૩ | ૩૦૨૦.૦૪ | ૪૫૪૦.૧૬ |
| એપીડીઆરપી માટેનું ધિરાણ | ૧૨.૧૮% | ૨૨૧.૦૨ | ૨૨૧.૦૨ | ૨૨૧.૦૨ | ૨૨૧.૦૨ | ૧૩૦૯.૧૪ | ૨૧૯૩.૨૨ |
| કુલ | | ૬૦૧.૦૫ | ૬૦૧.૦૫ | ૬૦૧.૦૫ | ૬૦૧.૦૫ | ૪૩૨૯.૧૮ | ૬૭૩૩.૩૮ |

અ. રૂરલ ઇલેકટ્રીસિટી કોર્પોરેશન (આરજીજીવીવાય) અને પાવર ફાયનાન્સ કોર્પોરેશન પાસેથી મળેલ ધિરાણ હજુપણ દેવા-મોકુફીની અવધિમાં છે અને નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં કોઇ જ હપ્તો ચુકવવાનો બાકી નથી.

બ. તત્કાલીન જીઇબી દ્વારા બેંકો, પીએફસી, આરઇસી, નાણાંકીય સંસ્થાઓ, બોન્ડ્ઝ અને અન્ય ધીરધાર કરનારાઓ પાસેથી વીજ ઉત્પાદન, વીજ વહન અને વીજ વિતરણ પ્રવૃતિઓની અસ્કયામતો સામે મેળવવામાં આવેલ તથા સામાન્ય હેતુસર જેઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેવાં ધિરાણો, તબદીલી કરનાર તમામ કંપનીઓ વતી જીઇબી (હવે જીયુવીએનએલ) ના હિસાબી ચોપડાઓમાં દર્શાવાયાં છે અને આ ધિરાણો તબદીલી કરનાર તમામ કંપનીઓમાં તા. ૩જી ઓકટોબર, ૨૦૦૬ ની નાણાંકીય પુર્નગઠન યોજના અંગેના જાહેરનામા અંર્તગત સપ્રમાણ દરે વહેંચી આપવામાં આવ્યાં છે તેમ જ ધારક કંપની જીયુવીએનએલ પાસેથી મળેલ માહિતી મુજબ, કંપની ઉપરોકત ધિરાણોની ખતવણી કરે છે. આ ધિરાણોની પરત ચુકવણી અને તે પરના વ્યાજની રકમ કંપની દ્વારા જીયુવીએનએલને ચુકવી આપવામાં આવે છે.

ઉપરોકત નોંધને અનુલક્ષીને ઉકત ધિરાણોનું સુરક્ષિત ધિરાણો અથવા અસુરક્ષિત ધિરાણો તરીકે વર્ગીકરણ અને સામુદાયિકરણ કરવામાં આવ્યું છે.

